# જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતો મતદાન માટેની તૈયારીઓ



## રાજ્ય ચૂંટણી આયોગ
## ગાંધીનગર



# Disclaimer

❖આ તાલીમ મોડયૂલ કોઈપણ કાયદાઓ, નિયમો, હેન્ડબૂક, ચેકલીસ્ટ, રાજ્ય ચૂંટણી આયોગની સૂચનાઓનો વિકલ્પ નથી. પરંતુ ચૂંટણીની કામગીરી સરળ રીતે સમજવા માટેનું એક સાધન માત્ર છે.

# રાજ્ય ચૂંટણી આયોગ

બંધારણનો અનુચ્છેદ - ૨૪૩-ક

- ૭૩મા બંધારણીય સુધારા મુજબ ત્રિસ્તરીય પંચાયતી રાજ સંસ્થાઓની ચૂંટણીઓનું દેખરેખ, સંચાલન અને નિયંત્રણ રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૫

- ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩અન્વયે રાજ્યની ગ્રામ્ય વિસ્તાર માટેની ગ્રામ/તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ ઉપર દેખરેખ, સંચાલન, માર્ગદર્શન અને નિયંત્રણની જવાબદારી રાજ્ય ચૂંટણી આયોગની છે.

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો – ૧૯૯૪

- ગ્રામ/તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણીઓના સંચાલન માટે આવશ્યક નિયમો બનાવવામાં આવ્યા છે.

# રાજ્ય ચૂંટણી આયોગ

- ત્રિસ્તરીય પંચાયતોની વસ્તીના ધોરણે કુલ બેઠકો અને અનામત બેઠકોની સંખ્યા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા નક્કી થાય છે.

- રાજ્ય સરકારના પંચાયત વિભાગના જાહેરનામાં ક્રમાંક કેપી – ૧૯૧ ઓફ ૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪,૧૨૪૬-જે, તા.૨૬-૦૭-૧૯૯૪ અને તા.૨૫-૧૦-૧૯૯૪ના જાહેરનામાંથી પંચાયતોની વસ્તીના ધોરણે કુલ બેઠકો અને અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો જિલ્લા/તાલુકા પંચાયતો માટે વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્યને અને ગ્રામ પંચાયતો માટે આ જ જાહેરનામાઓથી જે તે જિલ્લાના કલેકટરશ્રીઓને આપેલ છે.

# રાજ્ય ચૂંટણી આયોગ

- રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આદેશ ક્રમાંક રાચપ- ચટણ- જી.તા.પં. ડીઈઓ – ૯૫ તા. ૦૨-૦૩-૧૯૯૫ થી દરેક જિલ્લા કલેકટરશ્રીને જે તે જિલ્લા માટેના જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે સત્તા અને જવાબદારી સોંપેલ છે.
- ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવાના અધિકારો રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક રાચપ – ચટણ – ગ્રા.પં.- સ્થા-સ્વ ૩૬(૩) – ૬૨૦૧૧-ક તા. ૧૩ -૦૬-૨૦૧૧ થી નાયબ/મદદનીશ કલેકટરો ને સુપરત કરેલ છે.

# રાજ્ય ચૂંટણી આયોગ

- વસ્તી આધારિત મતદાર મંડળોની રચના અને બેઠકોની ફાળવણી રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ ની કલમ – ૧૬ તેમજ ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત ) નિયમો – ૧૯૯૪ની જોગવાઈઓ મુજબ કરવામાં આવે છે.
- ગ્રામ પંચાયતના કિસ્સામાં વસ્તી આધારિત વોર્ડ રચના/સીમાંકનની તથા વોર્ડોમાં બેઠક ફાળવણીના કલમ – ૧૬ (૧) મુજબના અધિકારો આયોગના જાહેરનામા ક્રમાંક : એલઈસી-ડીએલએમ – વીપી – ૯૫ તા. ૧૩-૦૩-૯૫ થી "આયોગના અધિકારી " તરીકે જે તે જિલ્લાના કલેક્ટરશ્રીને આપેલ છે.

# મતદાન માટેની તૈયારીઓ

- મતપત્રો, સ્ટાફ, સામગ્રી સબંધિત જોગવાઈઓ
- મતપત્રોની જરુરિયાત નક્કી કરવી અને મતપત્રો છપાવવા
- પોસ્ટલ મતપત્રો રવાના કરવા
- મતદાન મથકો નક્કી કરવા અને મતદાન મથકો ઉપર વ્યવસ્થા ગોઠવવી.
- મતદાન માટે કર્મચારીઓની નિયુક્તિ
- મતદાન કર્મચારીઓને તાલીમ
- મતદાન માટે આવશ્યક સામગ્રી તૈયાર કરવી
- વીજાણુ મતદાન યંત્રો (ઈ.વી.એમ) તૈયાર કરવા.
- મતદાન મથક તૈયાર કરવા

# મતદાન માટે કર્મચારીઓની સંખ્યા નક્કી કરવી

રાજ્ય ચૂંટણી આયોગનાં પરિપત્ર ક્રમાંક : રાચપ- ચટણ- પચત – ૯૫ તા. ૬/૪/૯૫ થી નીચે પ્રમાણે પોલીંગ સ્ટાફની નિમણૂક કરવા સૂચના આપેલ છે.

<u>મતદાન મથક માટે પોલિંગ સ્ટાફની સંખ્યા :</u> દરેક મતદાન મથક માટે નીચે જણાવ્યા પ્રમાણેની મતદાન ટુકડી નીમવાની રહેશે.

| | | જિલ્લા/તાલુકા પંચાયતની ચૂંટણીની <u>સંખ્યા</u> | ગ્રામ પંચાયત સરપંચની ચૂંટણી <u>માટે</u> |
|---|---|---|---|
| ૧. | મતદાન મથકના પ્રમુખ અધિકારી | ૧ | ૧ |
| ૨. | મતદાન અધિકારી અને મદદનીશ પ્રમુખ અધિકારી | ૧ | ૧ |
| ૩. | મતદાન અધિકારી | ૩ થી ૪ | ૩ થી ૪ અગર જરૂરિયાત હોય તેટલા |
| ૪. | પટાવાળા | ૧ | ૧ |

જો કોઈ મતદાન મથક સાથે ૧૨૦૦ કરતાં વધુ મતદારો જોડવામાં આવ્યા હોય તો મતદાન અવિરત રીતે ચાલુ રહે તે માટે એક વધારાના મતદાન અધિકારી પણ નીમી શકાશે. મતદારોની સંખ્યામાં મતદાન મથકોએ નીમવાના મતદાન અધિકારીની સંખ્યા વિગત નીચે પ્રમાણે નક્કી કરેલ છે.

| મતદારની સંખ્યા | મતદાન અધિકારીની સંખ્યા |
|---|---|
| (૧) ૬૦૦ થી ૧૦૦૦ સુધીના મતદારો માટે | ૪ |
| (૨) ૧૦૦૦ થી ૧૨૦૦ સુધીના મતદારો માટે | ૫ |
| (૩) ૧૨૦૦ થી વધુ મતદારો માટે | ૬ |

# મતદાન માટે કર્મચારીઓની નિયુક્તિ અને તાલીમ



મતદાન માટેના નિયુક્ત કર્મચારીઓને તાલીમ માટેની વ્યવસ્થા
મતદાન સ્ટાફનાં વેલ્ફેર માટેની ખાતરી કરનાર ઈન્ચાર્જ નોડલ ઓફિસરનું નામ, હોદો અને સંપર્ક વિગત
તાલીમ કાર્યક્રમ તેમ જ રવાનગી કાર્યક્રમ અંગે સ્પષ્ટ સૂચનાઓ.
તાલીમ અને રવાનગી સ્થળે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરવી.
પોલીંગ સ્ટેશનની ભૌતિક સ્થિતિ ચકાસવી, તદુપરાંત પાણી, બાથરૂમ અને દવાઓની પૂરતી સુવિધાઓની ખાતરી કરાયેલી હોવી જોઈએ
ચૂંટણી સામગ્રી અને ઈવીએમની સોંપણીની ખાતરી કર્યા પછી પ્રિસાઈડીંગ ઓફિસરને ફરજ મુક્ત થઈ શકે.
વિકલાંગ અને મહિલા ચૂંટણી કર્મચારીઓ માટે તેમ જ ફરજ દરમિયાન કર્મચારીની નાદુરસ્ત તબિયત વખતે વિશેષ સુવિધા અને વ્યવસ્થા વિચારવી.

# ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો : ૧૯૯૪ની જોગવાઈઓ
# નિયમ-૨૦. મતદાન એજન્ટોની નિમણૂક

(૧) હરીફ ઉમેદવાર અથવા તેનો ચૂંટણી એજન્ટ, મતદાન મથકે મતદાન એજન્ટો તરીકે કામ કરવા એક એજન્ટ અથવા બે રીલીફ એજન્ટો નીમી શકશે.

(૨) આવી દરેક નિમણૂક નમૂના – ૧૦ મુજબ કરવી જોઈશે અને મતદાન મથકે રજૂ કરવા માટે મતદાન એજન્ટને સુપ્રત કરવી જોઈશે.

(૩) પેટા-નિયમ(૨) હેઠળ પોતાની નિમણૂકનો પત્ર યોગ્ય રીતે ભર્યા પછી અને તેમાં આપેલા એકરાર ઉપર પ્રમુખ અધિકારીની સમક્ષ સહી કર્યા પછી, મતદાન એજન્ટ પ્રમુખ અધિકારીને તે પત્ર આપે નહીં, તો તે મતદાન એજન્ટ મતદાન મથકમાં દાખલ થઈ શકશે નહીં.

(૪) રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૧૧૧-૬૨૦૦૯-ક, તા.૨૨-૦૬-૨૦૦૯ની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

## નમૂનો - ૧૦

### (જુઓ નિયમ ૨૦(૨))

# મતદાન એજન્ટની નિમણૂક

.................... મતદાર વિભાગમાંથી ...................... ★જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતની ચૂંટણી/ ................. ગામ પંચાયતના સરપંચની ચૂંટણી.

હું .................... ઉમેદવાર ઉપર્યુક્ત ચૂંટણીમાંના .......................

................ ઉમેદવારના ................ ના ચૂંટણી એજન્ટ, આથી ................ના ............ને .........સ્થળના મતદાન મથક નંબર .............. ઉપર હાજર રહેવા માટે મતદાન એજન્ટ તરીકે નીમું છું.

સ્થળ :

તારીખ : ઉમેદવાર/ચૂંટણી એજન્ટની સહી.

હું આવા મતદાન એજન્ટ તરીકે કામ કરવાને કબુલ થાઉં છું.

તારીખ :

સ્થળ : મતદાન એજન્ટની સહી.

મતદાન એજન્ટના એકરાર કે જેના ઉપર પ્રમુખ અધિકારી સમક્ષ સહી કરવી હું, આથી જાહેર કરું છું કે, ઉપરની ચૂંટણીમાં હું, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૩૮ જે મે વાંચી છે/મારી સમક્ષ વાંચવામાં આવી છે, તેનાથી મનાઈ ફરમાવાયેલું કોઈ કૃત્ય કરીશ નહીં.

તારીખ :

મતદાન એજન્ટની સહી.

મારા સમક્ષ સહી કરી પ્રમુખ અધિકારી.

---

x લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

# નિયમ - ૨૧. મતદાન એજન્ટની નિમણૂક રદ કરવા અથવા તેના મૃત્યુ બાબત

(૧) ઉમેદવાર અથવા તેનો ચૂંટણી એજન્ટ મતદાનની શરૂઆત પહેલાં કોઈપણ સમયે મતદાન એજન્ટની નિમણૂક નમૂના – ૧૧ પ્રમાણેના પોતે લખેલા અને સહી કરેલા પત્ર દ્વારા રદ કરી શકાશે.

(૨) (ક) મતદાનના આરંભના ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં નિમણૂક રદ કરવામાં આવે તો ચૂંટણી અધિકારીને આપવો જોઈએ.

(ખ) બીજી કોઈપણ બાબતમાં ચૂંટણી અધિકારીને અથવા જ્યાં મતદાન એજન્ટને ફરજ પર નીમવામાં આવ્યો હોય તે મતદાન મથકના પ્રમુખ અધિકારીને આપવો જોઈશે.

# નિયમ-૨૧. મતદાન એજન્ટની નિમણૂક રદ કરવા અથવા તેના મૃત્યુ બાબત

(૩) કોઇ ઉમેદવારનો મતદાન એજન્ટ મતદાન પુરું થાય તે પહેલા મૃત્યુ પામે તો ઉમેદવારે અથવા તેના ચૂંટણી એજન્ટે તરત એવા મૃત્યુની હકીકતની લેખિત જાણ,

(ક) મતદાન આરંભના ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં મૃત્યુ થાય તો ચૂંટણી અધિકારીને જાણ કરવી જોઈશે અને

(ખ) બીજી કોઈ પણ બાબતમાં ચૂંટણી અધિકારીને અથવા જ્યાં મતદાન એજન્ટને ફરજ ઉપર નિમવામાં આવ્યા હોય તે મતદાન મથકના પ્રમુખ અધિકારીને કરવી જોઈશે.

(૪) ચૂંટણી અધિકારીને પેટા – નિયમ (૧) અથવા (૩) હેઠળના પત્ર અથવા રીપોર્ટ મળે ત્યારે તેણે તરત જ આવા પત્ર અથવા યથા પ્રસંગ રીપોર્ટની જાણ, જ્યાં આવા મતદાન એજન્ટને ફરજ પર નીમવામાં આવ્યા હોય તે મતદાન મથકના પ્રમુખ અધિકારીને કરવી જોઈશે.

(૫) પેટા – નિયમ (૧) હેઠળ મતદાન એજન્ટની નિમણૂક રદ કરવામાં આવે અથવા મતદાન એજન્ટ મતદાન પૂરું થાય તે પહેલાં મૃત્યુ પામે, ત્યારે ઉમેદવાર અથવા તેનો ચૂંટણી એજન્ટ મતદાન પૂરું થાય તે પહેલાં કોઇ પણ સમયે નિયમ – ૨૦ની જોગવાઈઓ અનુસરવા નવા મતદાન એજન્ટને નીમી શકાશે.

# નમૂનો - ૧૧

(જુઓ નિયમ ૨૧ (૧))

## મતદાન એજન્ટની નિમણૂક રદ કરવા બાબત

.................... મતદાર વિભાગમાંથી ....................... x ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી/ ................. ગામ પંચાયતના સરપંચની ચૂંટણી.

પ્રતિ,

.................... પ્રમુખ અધિકારી,

.................... મતદાર વિભાગ

.................... મતદાન મથક.

હું ................ ઉપર્યુક્ત ચૂંટણી માટેના ઉમેદવાર ...................... નો ચૂંટણી એજન્ટ) મારા/તેના મતદાન એજન્ટ તરીકે ...................ની નિમણૂક આથી, રદ કરું છું.

સ્થળ :

તારીખ : ઉમેદવાર/ચૂંટણી એજન્ટની સહી.

---

x લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

# નિયમ-૨૪. મતપત્ર

(૧) ટપાલ મતપત્ર સહિત દરેક મતપત્ર ગુજરાતીમાં હોવું જોઈશે અને તેની સાથે તેની સ્થળપત્ર જોડેલી હોવી જોઈશે. સદરહુ મતપત્ર અને સ્થળપ્રત ચૂંટણી આયોગ ઠરાવે તેવા નમૂનામાં હોવી જોઈશે અને તેવી વિગતો તેમાં હોવી જોઈશે.

(૨) ઉમેદવારોના નામો, હરીફ ઉમેદવારોની યાદીમાં જે ક્રમમાં આવતા હોય તે જ ક્રમમાં તે નામો મતપત્ર ઉપર ગોઠવવા જોઈશે. "ઉમેદવારોના નામો, મતપત્ર ઉપર ગોઠવ્યા પછી, તેની નીચે ઉપરના પૈકી કોઈ નહિ (નોટા-NOTA)" નું કોલમ હોવું જોઈશે અને તેની સામે [::] નું પ્રતીક મુકરર કરવું જોઈશે. (પંચાયત, ગ્રા.ગૃ.નિ અને ગ્રા.વિ.વિભાગના તા.૦૩-૦૮-૨૦૧૫ ના જાહેરનામાથી નિયમ: ૨૪ પેટા નિયમ (૨) પચી મજકુર ઉમેરેલ છે)

❖ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા, જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયત અને સરપંચની ચૂંટણી માટે મતપત્રોના જુદા જુદા રંગો આદેશ ક્રમાંક રાચપ – ચટણ – પચત – મપન – ૯૫ તા. ૩-૫-૧૯૯૫ થી નક્કી કરેલ છે. તે મુજબ જિલ્લા પંચાયત માટે સફેદ, તાલુકા પંચાયત માટે ગુલાબી, ગ્રામ પંચાયતનાં વોર્ડ માટે સફેદ અને ગ્રામ પંચાયતનાં સરપંચના મતપત્રનો ગુલાબી રંગ નક્કી થયેલ છે.જ્યારે ટપાલ મતપત્રો (સર્વિસ વોટર્સ માટે)નો રંગ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતનાં વોર્ડ માટે સફેદ અને સરપંચની ચૂંટણી માટે ગુલાબી નક્કી થયેલ છે.

# નિયમ-૨૫. ટપાલ દ્વારા મત આપવા હકદાર વ્યક્તિઓ

(૧) અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, ચૂંટણીમાં મત આપતી તમામ વ્યક્તિઓ, તેમના માટે જોગવાઈ કર્યા પ્રમાણે મતદાન મથક પર પોતાની જાતે મત આપવો જોઈશે.

(૨) નીચેની વ્યક્તિઓ ટપાલ દ્વારા મત આપવા હકદાર ગણાશે અને તેઓ બીજી કોઈ રીતે મત આપી શકશે નહીં.

(૧) નોકરી કરતા મતદારો અને તેમની સાથે રહેતા હોય તો તેમના લગ્ન સાથી,

(૨) તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ નિવારક અટકાયતમાં હોય તેવા મતદારો.

(૩) ચૂંટણી ફરજ પરનાં મતદારો.

સ્પષ્ટીકરણ :- ‘નોકરી કરતો મતદાર’ એટલે જે મતદાર –

(ક) સંઘની સશસ્ત્રદળની વ્યક્તિ, અથવા

(ખ) દળની જે વ્યક્તિને સેના અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૪૬મા)ની જોગવાઈઓ, ફેરફાર સાથે કે તે વગર, લાગુ પડતી હોય તે વ્યક્તિ,અથવા.

(ગ) રાજ્યની બહાર નોકરી કરતી હોય તેવી, તે રાજ્યના સશસ્ત્ર પોલીસ દળની વ્યક્તિ, અથવા

(ઘ) ભારતની બહાર, ભારત સરકાર હેઠળની કોઈ જગ્યા ઉપર નોકરીએ રાખેલી વ્યક્તિ.

# નિયમ-૨૬. નિવારક અટકાયત નીચે હોય તે વ્યક્તિઓએ મત આપવા બાબત

(૧) આ નિયમની જોગવાઈઓને આધીન રહીને, કોઈ મતદાર વિભાગ માટેનો મતદાર, તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ, નિવારક અટકાયત નીચે હોય તો જ્યાં મતદાન લેવામાં આવે તે મતદાર વિભાગમાં કોઈ ચૂંટણીમાં ટપાલ મતપત્રથી તે પોતાને મત આપી શકશે અને આવો મતદાર આવી અટકાયત નીચે હોય ત્યાં સુધી અન્ય કોઈ રીતે તેને મત આપવાનો હક રહેશે નહીં.

(૨) નિયમ – ૯ હેઠળ મતદાન માટેની તારીખ નક્કી કર્યા પછી, બનતી ત્વરાએ, ચૂંટણી આયોગે તે મતદાર વિભાગ માટેનો કોઈ મતદાર, તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ નિવારક અટકાયત નીચે છે કેમ તેની ખાતરી કરવી જોઈશે અને મતદાન માટે નક્કી કરેલી તારીખથી પંદર દિવસની અંદર ચૂંટણી અધિકારીને તે મતદાર વિભાગમાં જે મતદાર આવી અટકાય નીચે હોય તેમના નામ, તેના સરનામા સાથે અને મતદાર યાદીમાંના અનુક્રમ નંબરો અને તેમને કયાં અટકાયતમાં રાખ્યા છે. તે સ્થળોની વિગતો મોકલવી જોઈશે.

# નિયમ-૨૬. નિવારક અટકાયત નીચે હોય તે વ્યક્તિઓએ મત આપવા બાબત

(૩) મતદાર વિભાગનો કોઈ મતદાર તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ નિવારક અટકાયત નીચે હોય, તો મતદાર મતદાન માટે નક્કી કરેલી તારીખથી પંદર દિવસની અંદર મતદાર વિભાગના ચૂંટણી અધિકારીને આવી ચૂંટણીમાં ટપાલ દ્વારા તેનો મત આપવા માટે અરજી કરી શકશે, આવી દરેક અરજીમાં મતદારનું નામ, તેનું સરનામું મતદાર યાદીમાં તેનો અનુક્રમ નંબર અને તેને જ્યાં અટકાયતમાં રાખ્યો હોય તે સ્થળ સંબંધી વિગતો જણાવવી જોઈશે.

(૪) ચૂંટણી અધિકારીને એવી ખાતરી થાય કે જેનું નામ પેટા- નિયમ (૨) હેઠળ મોકલવામાં આવ્યું હોય અથવા જેણે પેટા – નિયમ (૩) હેઠળ અરજી કરી હોય તે વ્યક્તિ નિવારક અટકાયત નીચે છે અને ચૂંટણી જે મતદાર વિભાગો સંબંધી હોય તે મતદાર વિભાગ માટે મતદાર છે અને આવી ચૂંટણીમાં મત આપવાને હકદાર છે, તો તેણે આવી વ્યક્તિને ટપાલ મતપત્ર દ્વારા ચૂંટણીમાં પોતાનો મત આપવાની પરવાનગી આપવી જોઈએ.

(૫) ચૂંટણી અધિકારી, ટપાલ મતપત્ર કાઢી આપશે અને તે સમયે જેમાં આવી વ્યક્તિનું નામ દાખલ કર્યું હોય અને આવી વ્યક્તિ અટકાયતમાં ન હોત, તો તેણે સામાન્ય રીતે જ્યાં મત આપ્યો હોત તે મતદાન મથક ઉપર જે વાપરવા ધારી હોય તેવી મતદાર યાદીની દરેક નકલમાં યોગ્ય નોંધો કરાવશે. જેથી આવી વ્યક્તિને ટપાલ મતપત્ર દ્વારા ચૂંટણીમાં મત આપવાને પરવાનગી આપવામાં આવી છે એવું દર્શાવી શકાય.

# નિયમ-૨૭. ચૂંટણીમાં ફરજ ઉપર કામે રાખેલી વ્યક્તિઓએ મત આપવા બાબત

(૧) ચૂંટણીમાં ફરજ પર હોય એવો કોઈ મતદાર ચૂંટણીમાં ટપાલ મત આપવા માંગતો હોય તેણે ચૂંટણી અધિકારીને, મતદાનની તારીખ પહેલાં, ઓછામાં ઓછા સાત દિવસની અંદર અથવા ચૂંટણી અધિકારી મંજૂર કરે તેવી ટૂંકી મુદતની અંદર તેને પહોંચે તે રીતે નમૂના – ૧૩ મુજબ અરજી મોકલવી જોઈશે અને ચૂંટણી અધિકારીને ખાતરી થાય કે અરજદાર ચૂંટણીમાં ફરજ પર રાખેલો મતદાર છે તો ટપાલ મતપત્ર દ્વારા ચૂંટણીમાં તેનો મત આપવાની આવી વ્યક્તિને પરવાનગી આપવી.

(૨) આવો મતદાર, મતદાન અધિકારી, પ્રમુખ અધિકારી અથવા જે મતદાર વિભાગનો મતદાર હોય ચૂંટણીની ફરજ બજાવતો અન્ય સરકારી નોકર હોય અને ચૂંટણીમાં ટપાલ દ્વારા નહીં પણ જાતે મત આપવા ઈચ્છતો હોય,તો તે ચૂંટણી અધિકારીને મંજૂર કરે તેવી ટૂંકી મુદ્દતની અંદર તેને પહોંચે તે રીતે નમૂના ૧૪ મુજબ અરજી મોકલાવવી જોઈશે અને ચૂંટણી અધિકારીને ખાતરી થાય કે અરજદાર આવો સરકારી નોકર છે તે મતદાર વિભાગમાં ચૂંટણીની ફરજ બજાવતો મતદાર છે તો તેણે,

# નિયમ-૨૭. ચૂંટણીમાં ફરજ ઉપર કામે રાખેલી વ્યક્તિઓએ મત આપવા બાબત (ચાલુ)

૨ (ક) અરજદારને નમૂના ૧૫ મુજબ ચૂંટણી ફરજ પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે.

૨ (ખ) તેણે ચૂંટણી ફરજ પ્રમાણપત્ર કાઢી આપવામાં આવ્યું છે એમ દર્શાવવા મતદાર યાદીની નિશાની કરેલી નકલમાં તેના નામની સામે "E.D.C." નિશાની કરવી જોઈશે, અને

૨ (ગ) જે મતદાન મથકે તે અન્ય રીતે મત આપવા હકદાર થયો હોય તે મતદાન મથકે મત આપવાની તેને છૂટ આપવામાં આવી નથી તેની ખાતરી કરવી જોઈશે.

(૩) ચૂંટણી ફરજ બજાવતા મતદારને ચૂંટણી ફરજ પ્રમાણપત્ર કાઢી આપવામાં ન આવ્યું હોય, તો મતદાર વિભાગના જે મતદાન મથકમાં તે મત આપવાનો હકદાર થાય તે મતદાન મથક સિવાયના પણ જ્યાં તેને ફરજ બજાવવા માટે નિમવામાં આવ્યો હોય તે મતદાન મથક સહિતના કોઈપણ મતદાન મથકમાં તેને મત આપવાની છૂટ આપી શકાશે.

# નિયમ-૨૮. ટપાલ મતપત્ર કાઢી આપવા બાબત

(૧) ચૂંટણી અધિકારી, નિયમ – ૧૮ હેઠળ ચૂંટણીમાંના હરીફ ઉમેદવારોની યાદી પ્રસિદ્વ થયા પછી, બનતી ત્વરાએ જેને ટપાલ મતપત્ર દ્વારા પોતાનો મત આપવા માટે નિયમ – ૨૫ હેઠળ અધિકૃત કર્યો હોય અથવા નિયમ – ૨૭ ના પેટા નિયમ (૧) હેઠળ આવા મતપત્ર દ્વારા પોતાનો મત આપવાની જેને પરવાનગી આપી હોય તે દરેક મતદારને ટપાલ મતપત્ર ટપાલ સર્ટિફિકેટ ઓફ પોસ્ટીંગ દ્વારા મોકલાશે. તે તે જ સમયે મતપત્રની સ્થળપ્રત ઉપર મતદાર યાદીની નિશાનીવાળી નકલમાં દાખલ કરેલો, મતદાર યાદીમાંનો મતદાર અનુક્રમ નંબર નોંધશે અને મતપત્ર મતદારને આપવામાં આવેલું છે પણ તે મતદારને આપેલા મતપત્રનો અનુક્રમ નંબર નિશાનીવાળી નકલમાં નોંધવામાં આવ્યો નથી એવું દર્શાવવા માટે મતદાર યાદીની નિશાનીવાળી નકલમાં મતદાર નામ સાથે પણ તે નિશાની કરશે અને મતદાન મથકે મત આપવા દેવામાં આવ્યો નથી તેની ખાતરી કરશે.

**(૨)** ટપાલ મતપત્રોની સાથે ચૂંટણી અધિકારી :-

(ક) નમૂના ૧૬ મુજબનો એકરાર,

(ખ) નમૂના ૧૭ મુજબનું પરબીડિયું તેના ઉપર નોંધેલ ટપાલ મતપત્રના નંબર સાથે,

(ગ) નમૂના ૧૮ મુજબ પોતાના સરનામાવાળું કવર, અને

(ઘ) નમૂના ૧૯ મુજબની સૂચના પણ મોકલવી જોઈશે.

ચૂંટણી અધિકારીએ નમૂના - ૧૮ મુજબના કવરની ડાબી બાજુના નીચલા ખૂણામાં ટપાલ મતપત્રનો નંબર લખવો જોઈશે.

# નિયમ-૨૮. ટપાલ મતપત્ર કાઢી આપવા બાબત (ચાલુ)

(૩) એકરાર, પરબીડિયું અને પત્ર સાથે ટપાલ મતપત્ર નીચેનાને મોકલવામાં આવશે : -

(ક) મતદાર, સંઘના સશસ્ત્ર દળની વ્યક્તિ હોય અથવા એવી વ્યક્તિની પત્ની હોય તો મતદાર યાદીમાં દર્શાવ્યા પ્રમાણે મતદારના સરનામે.

(ખ) મતદાર, ભારતની બહાર ભારત સરકાર હેઠળની કોઈ જગા ઉપર નોકરી કરતી વ્યક્તિ હોય અને એવી કોઈ વ્યક્તિની પત્ની હોય, તો આવો મતદાર જે દેશનો રહેવાસી હોય તે દેશમાં ભારતના રાજનાયિક અથવા કોન્સ્યુલર પ્રતિનિધિના સરનામે આવા મતદારને,

(ગ) મતદાર, નિયમ – ૨૭ના પેટા – નિયમ (૧) હેઠળ પરવાનગી આપવામાં આવેલી વ્યક્તિ હોય તો તેણે કરેલી અરજીમાં આપેલ સરનામે.

(૪) ટપાલ મતપત્ર ઓર્ડીનરી એર મેઈલથી મોકલવું જોઈશે અને ડિપ્લોમેટીક બેગમાં મોકલવું નહીં. અને એ હેતુ માટે ઓર્ડિનરી પોસ્ટેજ સ્ટેમ્પ વાપરવો જોઈશે. મતપત્ર પાછું મોકલવા માટેનું ટપાલ ખર્ચ મતદારે ભોગવવું જોઈશે.

# નિયમ-૨૮. ટપાલ મતપત્ર કાઢી આપવા બાબત (ચાલુ)

(૫) ચૂંટણી અધિકારી, આવા કોઈ મતદારની બાબતમાં તે મતપત્ર અને પેટા નિયમ(૨)માં નિર્દિષ્ટ કરેલા દસ્તાવેજો આવા મતદારોને જાતે આપી કે અપાવી શકશે.

(૬) ટપાલથી મતપત્ર આપવાને હકદાર તમામ મતદારોને એ મતપત્રો મોકલવવામાં આવ્યા પછી, ચૂંટણી અધિકારી મતદાર યાદીની નિશાનીવાળી નકલનો જે ભાગ સર્વિસ મતદારોને લગતો હોય તે ભાગ પેકેટમાં સીલ કરશે અને પેકેટ ઉપર તેમાંની વિગતો તથા કઈ તારીખે સીલ કર્યું તેની ટૂંકી નોંધ લખશે અને જેમને મતદાન મથકોમાં મતપત્રો આપવામાં આવ્યા છે તે મતદારોનાં નામોની નિશાની કરવી માટે જુદા જુદા પ્રમુખ અધિકારીઓને નિશાનીવાળી નકલના બીજા સંબંધિત ભાગો મોકલી આપશે, પણ તેમાં મતદારોને આપેલા મતપત્રોના અનુક્રમ નંબરો નોંધાશે નહી.

(૭) ચૂંટણી અધિકારી, ટપાલથી મત આપવાને હકદાર મતદારોને આપેલા મતપત્રોની સ્થળપત્રો અલગ પેકેટમાં પણ સીલ કરશે અને પેકેટ ઉપર તેની વિગતોનું તથા કઈ તારીખે તે સીલ કરવામાં આવ્તા તેનું ટૂંકું વર્ણન લખશે.

# નિયમ-૨૯. ટપાલ મતપત્રો ફરી કાઢી આપવા બાબત

(૧) નિયમ – ૨૮ હેઠળ ટપાલ મતપત્રો અને બીજા કાગળો, કોઇ કારણે પહોંચ્યા વિના પાછા આવે ત્યારે ચૂંટણી અધિકારી તેમને સર્ટિફીકેટ ઓફ પોસ્ટીંગ હેઠળ ફરીથી ટપાલમાં મોકલી શકશે અથવા મતપત્ર અને બીજા કાગળો માટે મતદારે વિનંતી કરેથી તેને પોતાને પહોંચે એ રીતે મોકલી અથવા મોકલાવી શકશે.

(૨) કોઇ મતદાર પોતાનો ટપાલ મતપત્ર અથવા બીજા કાગળોમાંથી કોઇ કાગળ ગાફેલ પણાંથી એ રીતે વાપરે કે તેમનો સુગમતાથી ઉપયોગ કરી ન શકાય તો એવા બગડેલા કાગળો મતદારે ચૂંટણી અધિકારીને પાછા મોકલ્યા પછી અને ગાફેલપણા અંગે ચૂંટણી અધિકારીને ખાત્રી કરાવ્યા પછી તેને બીજું ટપાલ મતપત્ર અને અન્ય કાગળો આપી શકાશે.

(૩) આવી રીતે પાછું આપેલું બગડેલું મતપત્ર ચૂંટણી અધિકારીએ રદ કરવું જોઇશે અને ચૂંટણીની વિગતો અને રદ કરેલાં મતપત્રોનો અનુક્રમ નંબર તેમાં નોંધ્યા પછી અલગ રાખેલા પરબીડિયામાં રાખવા જોઇએ.

# નિયમ-૩૦ મત નોંધવા બાબત

(૧) ટપાલ મતપત્ર મેળવ્યું હોય તેવા  કોઇ મતદારે અને મત આપવાની ઇચ્છા ધરાવનાર મતદારે નમૂના -૧૯ માં આપેલી સૂચનાઓ અનુસાર મતપત્રો ઉપર તેનો મત નોંધવો જોઇશે અને ત્યાર પછી નમૂના - ૧૭ મુજબ પરબીડિયામાં તેણે બીડવું જોઇશે.

(૨) જેઓ મતદારને જાતે ઓળખતા હોય અથવા તેની ઓળખાણની જેમને ખાતરી કરાવી હોય તેવા મેજીસ્ટ્રેટ અથવા યોગ્ય લાગે તેવા નીચે નિર્દિષ્ટ કરેલા બીજા અધિકારીની હાજરીમાં મતદારને નમૂના ૧૬ મુજબ એકરારમાં સહી કરવી જોઇશે અને તેની સહીની શાખ કરાવવી જોઇશે.

(ક) સશસ્ત્ર દળોની વ્યક્તિઓની બાબતમાં મતદાર અથવા તેનો લગ્ન સાથી યુનીટ, વહાણ અથવા એસ્ટાબ્લીસના કમાન્ડીંગ ઓફિસર દ્વારા તે અર્થે નિમવામાં આવે તેવા અધિકારીઓની પાસે,

(ખ) ભારતની બહાર, ભારત સરકાર હેઠળની કોઇ જગા પર નોકરી કરતા તેવા સરકારી નોકરીની બાબતમાં મતદાર જે દેશનો રહેવાસી હોય તે દેશમાં ભારતના રાજનયિક અથવા કોન્સ્યુલર પ્રતિનિધિ આ અર્થે નીમે તેવા અધિકારી પાસે,

(ગ) નિવારક અટકાયત હેઠળની વ્યક્તિઓની બાબતમાં મતદાર નિવારક અટકાયત હેઠળ હોય તેવા જેલના સુપ્રિટેન્ડેન્ટ અથવા નિવારક અટકાયત કેમ્પના કમાન્ડન્ટ પાસે, અને

(ઘ) ચૂંટણી ફરજ માટે કામે રાખેલી વ્યક્તિઓની બાબતમાં જે સ્થળે તે ચૂંટણી ફરજ ઉપર હોય તેવા મતદાન મથકના કોઇપણ રાજ્યપત્રિત અધિકારી અથવા પ્રમુખ અધિકારી પાસે,

# નિયમ-૩૧. નિરક્ષર અથવા અશક્ત મતદારોને સહાય

(૧) જે મતદારને નિયમ – ૨૮ હેઠળ ટપાલ  મતપત્ર મોકલવામાં આવ્યું હોય તે મતદાર નિરક્ષર હોય અથવા શારીરિક અશક્તતાને લીધે ટપાલ મતપત્ર ઉપર પોતાનો મત નોંધી શકે તેમ ન હોય અને એકરાર ઉપર સહી કરી શકે એમ હોય તો, તેને પોતાને મળેલ એકરાર અને પરબીડિયું અને કવર સહિત મતપત્ર, નિયમ -૩૦ ના પેટા નિયમ(૨)  હેઠળ પોતાની સહીની શાખ કરી આપવાની સત્તા આપેલ અધિકારી સમક્ષ લઈ જવું જોઈશે અને અધિકારી પોતાના વતી પોતાનો મત નોંધવા અને પોતાના એકરાર ઉપર સહી કરવા વિનંતી કરવી જોઈશે.

(૨) ત્યાર પછી આવા અધિકારીએ મતદારની ઈચ્છાનુસાર તેની હાજરીમાં મતપત્ર ઉપર નિશાની કરવી જોઈશે, તે અર્થે એકરાર ઉપર સહી કરવી જોઈશે., અને યોગ્ય પ્રમાણપત્ર પૂરું પાડવું જોઈશે.

# નિયમ-૩૨, ટપાલ મતપત્ર પરત કરવા બાબત

(૧) નિયમ ૨૬ હેઠળ મોકલવામાં આવેલું તેનું ટપાલ મતપત્ર મળ્યે, દરેક મતદાર ચૂંટણીમાં મત આપવા ઈચ્છતો હોય, તો તેને ટપાલ મતપત્ર સાથે મોકલેલા પત્રમાં આપેલી સૂચના અનુસાર તે ઉપર પોતાનો મત નોંધવો જોઈશે અને એકરાર પર સહી કરવી જોઈશે.

(૨) તે પછી મતદારપત્રમાં જણાવેલ સૂચના અનુસાર, ટપાલ મતપત્ર પરબીડિયાંમાં મૂકી પરબીડિયું બંધ કરશે અને પત્રમાં જણાવેલી સૂચનાઓ અનુસાર ચૂંટણી અધિકારીને કવરમાં બંધ કરી મત ગણતરીના આરંભ માટે નક્કી કરેલા સમય પહેલા તે ચૂંટણી અધિકારીને મળી જાય તે રીતે મોકલાવશે.

(૩) પેટા – નિયમ (૨) માં ઠરાવેલો સમય પૂરો થયા પછી, ટપાલ મતપત્રવાળું કોઈપણ કવર ચૂંટણી અધિકારીને મળ્યું હોય તો તેણે તેના ઉપર તે મળ્યાની તારીખ અને સમય નોંધવો જોઈશે અને અલગ સીલબંધ પેકેટમાં એક સાથે આવા તમામ કવરો રાખશે.

(૪) ચૂંટણી અધિકારીએ, મતદારોની મતગણતરીનો આરંભ ન થાય ત્યાં સુધી પોતાને મળેલ ટપાલ મતપત્રોવાળા તમામ કવરો સલામત કસ્ટડીમાં રાખવા જોઈશે.

# મતપત્રો છપાવવા

ઝડપીમાં ઝડપી સંદેશા વ્યવહારનાં માધ્યમ દવારા રાજ્ય ચૂંટણી આયોગને ને ચૂંટણી લડતાં તમામ ઉમેદવારોની યાદી મોકલવી.

જિલ્લા કક્ષાએ મંજૂર કરેલ પ્રેસમાં પ્રિન્ટીંગ અંગેની વ્યવસ્થા કરવામાં આવશે

રાજ્ય ચૂંટણી આયોગ મંજૂર કરેલાં ઉમેદવારોનાં નામ અને તેઓના પ્રતીકો પ્રિન્ટીંગ દરમિયાન યોગ્ય રીતે છપાય તેની ખાતરી રાખવી અને તપાસતાં રહેવું.

પ્રિન્ટીંગ પ્રેસમાંથી બેલેટ પેપર લેવા માટે ચૂંટણી અધિકારીએ  ખાસ વ્યવસ્થા કરવી

છપાયેલાં બેલેટ પેપર પ્રિન્ટીંગ પ્રેસમાંથી જિલ્લા હેડ ક્વાટર્સ સુધી સીક્યુરીટી ગાર્ડ સહિતનાં બંધ વાહનમાં પહોંચાડવા

જો કોઈ બેલેટ પેપર ખોવાયેલું કે ખામીવાળું દેખાય તો તેનો સિરિયલ નંબર રજીસ્ટરમાં નોંધવો.

જયાં સુધી મતદાન પ્રક્રિયામાં જરૂર પડે નહીં ત્યાં સુધી તમામ બેલેટ પેપર તિજોરીમાં સીલ અને તાળું મારીને રાખવામાં આવે.

# મતપત્રોના છાપકામ બાબત.

- રાજ્ય ચૂંટણી આયોગના સંકલિત પરિપત્ર ક્રમાંક રાચપ – ચટણ- સ્થા.સ્વ ૧૧૦ -૨૨૦૦૯-ક તા. ૪-૦૩-૨૦૦૯ ના મુદ્દા નં. (ડી) માં દર્શાવેલ નીચેની સૂચનાઓ ધ્યાનમાં લેવી.

(૧) લેબલ/ટેન્ડર મતપત્રો તથા સર્વિસ વોટર્સના ટપાલમતપત્રો રાજ્ય ચૂંટણી પંચના વખતો વખત પરિપત્રો / આદેશો પ્રમાણે કલેકટરશ્રીઓએ નિયત કરેલા પ્રેસોમાં છપાવવાના રહેશે.

(૨) ઉમેદવારી પરત ખેંચવાના નિયત સમય બાદ હરીફાઈમાં રહેલા ઉમેદવારોને નિયમાનુસાર પ્રતીકની ફાળવણી કરવામાં આવે તેને પ્રતીકોની ફાળવણી કર્યા બાદ તુરત જ જે તે વોર્ડ/ મતદાર મંડળ માટેના ઉમેદવારોની યાદી તૈયાર કરી તેની બે પ્રતો પ્રેસ મેનેજરશ્રીને પુરી પાડવાની અને તેની પહોંચ મેળવી લેવાની રહેશે. તેમજ વોર્ડ/મતદાર મંડળ માટે કેટલા લેબલ/ મતપત્રો છાપવાના છે તેની સંખ્યા પ્રેસ મેનેજરશ્રીને જણાવવાની રહેશે.

(૩) પ્રેસમાં હરીફ ઉમેદવારોની યાદી પહોંચાડવામાં આવે ત્યારે ચૂંટણી અધિકારીઓએ જાતે પ્રુફ મંજુર કરીને પ્રેસના મેનેજરશ્રીને આપવાનું રહેશે. પ્રેસોમાં લેબલ/મતપત્રોના છાપકામની કામગીરી શરૂ થાય અને લેબલ / મતપત્રોની ડીલીવરી ચૂંટણી અધિકારીઓ તરફથી લેવામાં અને સ્ટ્રોંગરૂમમાં મૂકવામાં આવે તેમજ વીજાણુ મતદાન યંત્રો સ્ટ્રોંગરૂમમાં મૂકવા/પરત લેવામાં આવે ત્યારે નિયત નમૂના નં . ૧ ના રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે. આ રજીસ્ટર દરેક વોર્ડ/ મતદાર મંડળવાર રાખવાનું છે અને તેમા દરેક નોંધોમાં ચૂંટણી અધિકારીઓએ જાતે સહીઓ કરવાની રહેશે.

# મતપત્રોના છાપકામ બાબત.


(૪) મતપત્રોના છાપકામની કામગીરી અવિરત કોઈપણ વિક્ષેપ વિના સતત ચોવીસ કલાક રહે તે માટે શહેર/ જિલ્લા મ્યુનિસિપલ/ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ સંબંધિત સંસ્થાઓમાં જરૂર પુરતા મતપત્રોનું છાપકામ પુરૂ થાય ત્યાં સુધી છાપકામ (રાઉન્ડ ધ ક્લોક) ચોવીસ કલાક ચાલુ રહે તે માટે ગુજરાત વિદ્યુત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ સાથે પરામર્શ માં રહી જરૂરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૫) મતપત્રોનું છાપકામ શરૂ થઈ પુરૂં થાય ત્યાં સુધીના સમયગાળા દરમ્યાન મતપત્રોની ગુપ્તતા જળવાય તથા પ્રેસમાંથી મેળવવા તથા સ્ટ્રોંગરૂમમાં મૂકવાનો સમયે જરૂરી પોલીસ બંદોબસ્ત ગોઠવવા સ્થાનિક વ્યવસ્થા કરવાની રહેશે.


(૬) મતપત્રોના છાપકામ અંગે સંબંધકર્તા ચૂંટણીએ અધિકારીઓ/કર્મચારીઓ પ્રેસમાં આવે તે સમયે પીવાના પાણીનો પૂરતા પ્રમાણમાં પુરવઠો ઉપલબ્ધ કાર્યવાહી કરવાની રહેશે.

(૭) પ્રેસમાં ચૂંટણી અધિકારીઓના પ્રવેશ માટે નિયત નમૂનામાં અધિકારપત્ર કલેકરશ્રી દ્વારા આપવાનું રહેશે.

# મતપત્રોની જરૂરિયાત નક્કી કરવી



# ટપાલ મતપત્રો ની જરૂરિયાત નકકી કરવી



# પોલીંગ સ્ટાફ અને બીજા વર્ગો માટે મતપત્રો રવાના કરવા

- ચૂંટણી અધિકારીએ આવી વ્યકિતઓની વિગતો સહિતની એક યાદી તૈયાર કરવી અને તેની એક નકલ ઓબ્ઝર્વરને આપવી
- પોસ્ટલ બેલેટ પેપર માંગણી કરવાનાં ફોર્મ ૧૩માં જે-તે વ્યકિત મતદાતા તરીકે તે જ વિસ્તારમાં નોંધાયેલ છે અને બીજી કોઈ જગ્યાએ નહીં, તે જ એડ્રેસ આ ફોર્મમાં મૂકવું.
- ચૂંટણી કર્મચારીએ જે તે મતદાન મથકે મતદાન માટે નમૂના-૧૪માં અરજી કરશે, તેને નમૂના-૧૫માં (ઈ.ડી.સી.) પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવશે.
- અથવા તો જે-તે વ્યકિતઓ પણ ચૂંટણી અધિકારી પાસેથી નિયત અવધિ દરમિયાન રૂબરૂમાં પણ નિયત નમૂનામાં અરજી કરી મેળવી શકે છે.
- ટપાલ મતપત્રો તથા નમૂના-૧૫માં (ઈ.ડી.સી.) પ્રમાણપત્ર અંગે નિયત પ્રક્રિયાને અનુલક્ષીને જે તે મતદાર નિયત સમય મર્યાદામાં પોતાનો મતાધિકાર પણ વ્યકત કરી શકેશે.
- મતદાર યાદીની માર્ક થયેલી નકલમાં આવા મતદારોના નામ સામે પોસ્ટલ બેલેટ/ઈ.ડી.સી.. એવું માર્ક કરવું.

# નમૂનો-૧૩

## (જુઓ નિયમ ૨૩(૧))

## ટપાલ મતપત્ર મોકલવા અંગે ચૂંટણી અધિકારીને જાણ કરવાનો પત્ર

પ્રતિ,

ચૂંટણી અધિકારી,

....................... મતદાર વિભાગ ....................... x ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી.

મહાશય,

હું ..................... મતદાર વિભાગમાંથી .................... x ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતની આગામી ચૂંટણીમાં ................... ગ્રામ પંચાયતના સરપંચની આગામી ચૂંટણીમાં ટપાલ દ્વારા મારો મત આપવા માગું છું.

મારુ નામ x ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતના .................... મતદાર વિભાગ માટેની મતદાર યાદીના ભાગ નંબરમાંના અનુક્રમ નંબર ....................... ઉપર દાખલ કરેલું છું.

મતપત્ર નીચેના સરનામે મને મોકલવું.

સ્થળ :

તારીખ : આપનો વિશ્વાસુ,

---

x લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

# નમૂનો -૧૪

## (જુઓ નિયમ (૨૭) (૨)

## ચૂંટણી ફરજ પ્રમાણપત્ર માટેની અરજી

પ્રતિ,
ચૂંટણી અધિકારી,
...................... ગ્રામ/તાલુકા/જિલ્લા.
પંચાયતનો .................... મતદાર વિભાગ,
મહાશય,

હું ...................... મતદાર વિભાગમાંથી .................... x ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતની આગામી ચૂંટણીમાં ............................ ગામ પંચાયતના સરપંચની આગામી ચૂંટણીમાં જાતે મારો મત આપવા માગું છું.

મતદાર વિભાગમાંની અંદર, પણ જ્યાં મત આપવાને હું હકદાર છું તે મતદાન મથક સિવાયના બીજે સ્થળે મને ચૂંટણી અંગેની ફરજ ઉપર મૂકવામાં આવ્યો છે. મારું નામ .................... મતદાર વિભાગ માટેની મતદાર યાદીના અનુક્રમ નંબર .................. ઉપર મારું નામ દાખલ કરેલું છે.

મતદાનના દિવસે જે મતદાન મથક ઉપર ફરજ પર હોઉ તે મતદાન મથકે હું મત આપી શકું ત માટે નમુના- ૧૫ પ્રમાણેનું ચૂંટણી ફરજ પ્રમાણપત્ર મને કાઢી આપવાની વિનંતી કરું છું. આ પ્રમાણપત્ર મને નીચેના સરનામે મોકલાવશો.

.....................
.....................
.....................
સ્થળ : .....................
તારીખ : ...................

આપનો વિશ્વાસુ,

---

x લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

# નમૂનો - ૧૫

( જુઓ નિયમ ૨૭(૨) (ચ))

## ચૂંટણી ફરજ પ્રમાણપત્ર

પ્રમાણિત કરવામાં આવે છે કે .................... X ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતના ......................મતદાર વિભાગનો મતદાર છે. અને મતદાર યાદીમાં તેનો અનુક્રમ નંબર ....................... છે. અને તેની ચૂંટણી અંગેની ફરજ ઉપર હોવાને લીધે, જે મતદાન મથક ઉપર તે મત આપવા હકદાર છે તે મતદાન મથકે મત આપી શકે તેમ નથી. અને તેથી મતદાનની તારીખે જે કોઈ મતદાન મથકે તે ફરજ ઉપર હોય તે મતદાન મથકે મત આપવાનો તેને આથી, અધિકાર આપવામાં આવે છે.

સ્થળ :

તારીખ : ચૂંટણી અધિકારીની સહી.

**સિક્કો**

---

X લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

નમૂનો -૧૬

**(જુઓ નિયમ-૨૮ (૨) (ક))**

.........................મતદાર વિભાગમાંથી ......................* તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી

(મતદાર પોતે એકરારમાં સહી કરે, ત્યારે જ બાજુનો ઉપયોગ કરવાનો છે)

હું આથી એકરાર કરું છું કે જેને ઉપર્યુક્ત ચૂંટણીમાં અનુક્રમ નંબર......................વાળું ટપાલ મતપત્ર કાઢી આપવામાં આવ્યું છે તે મતદાર હું છું.
તારીખ :

મતદારની સહી.
સરનામું.

સહીની શાખ -
ઉપરના એકરાર ઉપર......... (મતદાર) જેને હું અંગત રીતે ઓળખું છું તેણે મારી રૂબરૂ સહી કરી છે. મને ખાતરી થાય તે રીતે તેની ઓળખ .................... (ઓળખ આપનાર) જેને હું અંગત રીતે ઓળખું છું તેણે આપી છે.
ઓળખ આપનાર હોય, તો તેની સહી...................................
સરનામું

શાખ કરનાર અધિકારીની સહી
હોદ્દો
સરનામું:
તારીખઃ

(મતદારે પોતે સહી ન કરી શકે ત્યારે આ બાજુનો ઉપયોગ કરવાનો છે.)
હું આથી એકરાર કરું છું કે જેને ઉપર્યુક્ત ચૂંટણીમાં અનુક્રમ નંબર ............. વાળું ટપાલ મતપત્ર કાઢી આપ્યું છે. તે મતદાર હું છું.
તારીખ :

મતદાર વતી શાખ કરનાર :
અધિકારીની સહી :
મતદારનું સરનામું :

પ્રમાણપત્ર

હું આથી પ્રમાણિત કરું છું કે-

(૧) ઉપર જણાવેલા મતદારને હું અંગત રીતે ઓળખું છું.......... (ઓળખ આપનાર) જેને હું અંગત રીતે ઓળખું છું તેણે મને ખાતરી થાય તે રીતે તેની ઓળખ આપી છે.
(૨) મને ખાતરી છે કે મતદાર નિરક્ષર છે ............... (અશક્તતા)થી પીડાય છે. અને પોતે પોતાનો મત આથી શકે તેમ નથી.
(૩) તેના વતી મતપત્ર ઉપર નિશાની કરવા અને ઉપરના એકરાર ઉપર સહી કરવા માટે તેણે મને વિનંતી કરી હતી, અને
(૪) તેની હાજરીમાં અને તેની ઈચ્છા પ્રમાણે તેના વતી મે મતપત્ર ઉપર નિશાની કરી હતી અને એકરાર ઉપર સહી કરી હતી. ઓળખ આપનાર હોય તો તેની સહી ~

સરનામું : શાખ કરનાર અધિકારીની સહી......
સરનામું: તારીખ :

.................................................................................................................................................................

લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

નમૂનો-૧૭
**(જુઓ નિયમ-૨૮ (૨) (ખ))**
પરબીડીયું

મત ગણતરી કર્યા પહેલાં ખોલવું નહીં

.....................................મતદાર વિભાગમાંથી.............................તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી
ટપાલ - મતપત્ર

મતપત્રનો અનુક્રમ નંબર*..................
લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

નમૂનો-૧૮
**(જુઓ નિયમ-૨૮ (૨) (ગ))**
કવર

...............................તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી માટે વાપરવું.
(કવર) અનપેઈડ


ચૂંટણી/તાત્કાલિક

ટપાલ - મતપત્ર
...............................મતદાર વિભાગ માટે ......... તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી માટે.........×
લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.
(મત ગણતરી કર્યા પહેલાં ખોલવું નહીં.)

પ્રતિ,
ચૂંટણી અધિકારી,
....................... મતદાર વિભાગ.
મોકલનારની સહી.....................
સરનામું...............................

# મતદાન મથકો નક્કી કરવા અને મતદાન મથકો ઉપર વ્યવસ્થા ગોઠવવી.

ઝોનલ રૂટ દર્શાવતો મતદાર મંડળો સ્કેચ




મતદાન મથકો સુધી પહોંચવાના વિવિધ રસ્તાઓ

મતદાન મથકો સુધી પહોંચવાના વૈકલ્પિક રસ્તાઓ

મતદાન મથકો સુધી પહોંચવાના ટૂંકા રસ્તાઓ

રોડની સ્થિતિ, નદીઓ, નાળા અને પુલો

પહોંચવા માટેનો અંદાજિત સમય અને અંતર

# મતદાન મથકની વ્યવસ્થા

**મતદાન મથકની આવશ્યકતા**

- ન્યૂનતમ ૨૦ ચો.મી. જગ્યા
- સારા હવા ઉજાસવાળું
- પ્રવેશ અને બહાર નીકળવાના  બે દરવાજા
- મહિલા પૂરુંષની અલગ કતાર અને પ્રતીક્ષા ખંડ માટે જગ્યા

**મતદાન મથકનું મકાન**

- પસંદગી મુજબ (સરકારી અથવા સહાયક) શાળાઓ. સરકારી અથવા અર્ધ સરકારી સંસ્થાઓ
- શહેરી વિસ્તાર કે જેમાં એક મકાનમાં ૪ થી વધુ મતદાન મથક ના હોવા જોઈએ.
- ગ્રામીણ વિસ્તાર કે જેમાં એક મકાનમાં બે કે તેથી વધુ મતદાન મથકો ના હોવા જોઈએ.
- બને ત્યાં સુધી ખાનગી મકાનમાં રાખવા નહીં.
- હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, મંદિરો અને ધાર્મિક સ્થળે ના હોવું જોઈએ.

**મતદાન મથકનો વિસ્તાર**

- જે મતદાન મથક પર મતદારોની સંખ્યા વધારે હોય અને સુવિધાઓ ઉપલબ્ધ હોય તે ગામડામાં મતદાન મથક રાખવા.
- મતદારોના પોતાના સામાન્ય રહેણાંકથી વધુમાં વધુ ૨ કિ.મી. કરતાં મતદાન મથક દૂર હોવું જોઈએ નહી.

# મતદાન મથકની વ્યવસ્થા


**મૂળભુત માળખાકીય સુવિધા**

- ટેબલ
- ખુરશીઓ
- મતદારો માટે શેડ
- મહિલાઓ અને પૂરુંષોની લાઇન માટે અલગ વ્યવસ્થા
- વીજળી જોડાણ
- પાણીની સુવિધા
- મતદાન વિસ્તાર અને મતદારોની વિગતો અને હરીફ  ઉમેદવારોની યાદી પ્રદર્શિત કરવા મતદાન મથકના દરવાજા બહારની યોગ્ય જગ્યા.
- ઇ.વી.એમ ડીસપ્લે અને તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે પણ મતદાન મથકની બહાર પ્રદર્શિત કરવું.
- મતદાનની ગુપ્તતા જળવાઇ રહે તે માટેની વ્યવસ્થા

# મતદાન મથકની વ્યવસ્થા

## મળભુત સુવિધાઓ

- પૂરુંષ અને મહિલા માટે શૌચાલય.
- વીજ સુવિધાઓ – પંખા, લાઈટ,પ્લગ પોઈન્ટ
- વીજળી માટે વૈકલ્પિક વ્યવસ્થા જેમ કે જનરેટર વગેરે
- પીવાના પાણીની સુવિધા
- આગ બુઝાવવા(અગ્નિશામક)ની સુવિધાઓ
- તબીબી સહાય માટેની સુવિધાઓ
- વિકલાંગો માટે પગથિયાનાં બદલે સહેલાઈથી જઈ શકે તે માટે ઢાળ (રેમ્પ)





# મતદાન મથકની વ્યવસ્થા

**સુરક્ષા**

- મતદાન મથકની આજુ બાજુ ૨૦૦ મીટર જ્યાં સુધી કોઇ પણ ખાનગી મકાનોમાં હથિયાર અને હથિયાર વિનાના કોઇ પણ કર્મચારીઓ ધ્વારા દેખરેખ ન હોવી જોઇએ.
- પોલીસ જવાનો દરવાજાની બહાર તૈનાત રહેશે.
- પોલીસ જવાન દરવાજા બહાર તૈનાત ના રહે તો તેઓ મતદાન મથકની અંદરથી દ્રષ્ટીક્ષેત્રમાં તૈનાત રહેશે.

**મત વિભાગ**

- મતદાનની ગુપ્તતા જળવાય તેવી રીતે  મતદાન ટુકડીના અધિકારી અને ચૂંટણીના એજન્ટની બેઠક વ્યવસ્થા અલગ વિભાગમાં ગોઠવવી જોઇશે..
- મત કુટીર પ્રમુખ અધિકારીની નજર સમક્ષ યોગ્ય અંતરે ગોઠવવી
- મત કુટીર બારીની નજીક હોય તો બહારથી કોઇ મતદાન પ્રક્રિયા જોઇ ન શકે તેની વ્યવસ્થા ગોઠવવી
- મતદાનની ગુપ્તતા જળવાય તે  જરૂરી છે.

# મતદાન મથકની યાદી જાહેર કરવી

મતદાન મથક  મોટા ભાગે સ્થાયી હોવા જોઈએ કે જેથી મતદારોએ જુદા જુદા મતદાન મથકોએ જવું ન પડે.

મતદાન મથકની અંતિમ યાદી એ જ મતદાન વિસ્તારની યાદી હોવી જોઈએ.

ખાસ કિસ્સામાં મતદાન મથક બદલવાની જરૂર પડે તો રાજ્ય ચૂંટણી આયોગની મંજૂરી લીધા બાદ મતદાન મથક બદલવું.

# મતદાન મથકની યાદી જાહેર કરવી

- મતદાન મથકની આખરી નકલો રાજકીય પક્ષોને વિના મૂલ્યે પૂરી પાડવી.
- કાયદો અને વ્યવસ્થા માટે જે તે પોલીસ અધિક્ષક/પોલીસ કમિશ્નરને નકલો પૂરી પાડવા.
- આર.ઓ અને એ.આર.ઓ. તેમજ રાજ્ય ચૂંટણી આયોગ માટે નકલો.
- કોઇ પણ વ્યક્તિ માટે મતદાન મથકની નકલ નક્કી કરેલી ફી લઈને આપવી.
- કચેરી વેબસાઈટ પર મતદાન મથકની યાદીનું લીસ્ટ મૂકવું.

# મતદાન મથકની વ્યવસ્થા

મતદાન મથકના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇ પ્રચાર ન કરવો.

મતદાન મથકના બહારના વિસ્તારની બહાર ઉમેદવારો માટે મતદાન મથક દીઠ એક ટેબલ અને બે ખુરશી મૂકી શકાશે.

મતદાન મથકથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇ વાહનને અવર જવરની મંજૂરી નથી.

**કાયદો અને વ્યવસ્થા**

મતદાન મથકના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઇ પણ પ્રકારનાં પોસ્ટરો અથવા બેનરો લગાવી શકાશે નહી

# મતદાનની બધી વ્યવસ્થા નક્કી કરવી

પ્રમુખ અધિકારીઓની, મતદાન અધિકારીઓની અને ઝોનલ અધિકારીઓની ઈવીએમ  તાલીમ


મતદાન મથકોની વ્યવસ્થાની પુનઃચકાસણી

તમામ પોલીંગ સ્ટાફના નિમણૂક હુકમો દરેકને મળેલ હોય


મતદાન વ્યવસ્થાની ખાતરી માટે તમામ ભૌતિક નિરિક્ષણ થાય તે સુનિશ્ચિત કરવું.

મતદાન મથકો માટે ૧00મીટર અને ૨00 મીટરના માર્કિંગની ખાતરી કરો

# મતદાનની બધી વ્યવસ્થા નક્કી કરવી



# મતદાનની બધી વ્યવસ્થા નક્કી કરવી



# મતદાન એકમને તૈયાર કરવું

- વીજાણુ મતદાન યંત્ર તૈયાર કરવા અંગેની ઉમેદવારને એક અઠવાડિયા પહેલાં તારીખ, સમય અને સ્થળ વિશે પણ સૂચના આપવી જેની પહોંચ મેળવી લેવી.
- વીજાણુ મતદાન યંત્ર તૈયારીનાં દિવસ માટે બધી જ વ્યવસ્થાઓની ગોઠવણ કરવી.

- ઉમેદવાર સહિત હાજર રહેનાર તમામને ચૂંટણી અધિકારીએ  સમગ્ર પ્રક્રિયાની જાણકારી આપવી.
- ટેબલ પર પ્લાસ્ટિક બબલ શીટ મૂકી, બેગમાંથી મતદાન એકમને બહાર કાંઢી તેના ઉપર ઉલ્ટું મૂકવું

- બીયુનાં નંબર અને તેની બેગનાં નંબર સાથે સરખાવો (જો સરખા ન હોય તો બાજુમાં મૂકો)
- ઈસ્યૂ રજિસ્ટરમાં નંબરની નોંધણી કરો

# મતદાન એકમ (બી.યુ.) તૈયાર કરવું

- ૪ એડ્રેસ ટેગમાં મશીન નંબર નોંધો.
- એડ્રેસ ટેગમાં નિશાની કરો.

- મતદાન એકમને સવળું મૂકો અને ઉપરનું કવર ખોલો.
- પ્રત્યેક મશીન જે પ્રમાણે ઉપયોગમાં લેવાવાનું છે તે રીતે યોગ્ય હરોળ અને મશીનોની સંખ્યા મુજબ સ્લાઈડ સ્વીચને યોગ્ય સ્થિતિમાં ગોઠવો.

- બેલેટ પેપરનાં પાછળનાં ભાગે સહી કરો અને તેનાં પર પારદર્શક કવર લગાડો.
- ઉમેદવાર માટેનાં બટન જેનો ઉપયોગ થવાનો છે તેને ખુલ્લા કરો અને જેનો ઉપયોગ નથી થવાનો તેવા બટનોને ઢાંકી દો.
- બેલેટ સ્ક્રીનને બંધ કરો.

# નિયંત્રણ એકમ (સી.યુ.) તૈયાર કરવું

- નિયંત્રણ એકમને અલગ કરો અને મતદાન એકમની ડાબી બાજુ મૂકો
- બેગમાં લખેલ નંબરને નિયંત્રણ એકમનાં સિરિયલ નંબર સરખાવો (જો નંબર અલગ હોય તો તેને અલગ રાખો)
- બે એડ્રેસ ટેગમાં નિયંત્રણ એકમનો સિરિયલ નંબર નોંધો અને તેનાં પર એક નિશાન કરો
- નિયંત્રણ એકમ અને મતદાન એકમને એકબીજા સાથે જોડો
- નિયંત્રણ એકમનાં કેન્ડીડેટ સેટ સેકશનમાં નવી બેટરી ગોઠવો
- ઈવીએમમાં મોક પોલમાં ચોક્કસ મતો નાંખવાનાં તેમ જ ઉમેદવારોનાં પ્રતિનિધિઓને પણ પોતાની  રીતે મોકપોલ કરવા મંજૂરી આપવી
- નોટા સહિત તમામ બટન દબાવી જુઓ કે તમામ બટન કામ કરે છે કે, અને ખાતરી કરી જૂઓ ઉમેદવારોની સંખ્યા બરાબર છે તેમ જ એકપણ મત પડેલ નથી

# નિયંત્રણ એકમ (સી.યુ.) તૈયાર કરવું

- નિયંત્રણ એકમ પરનું કેન્ડીડેટ સેટ બટન દબાવો અને બીપ સાઉન્ડ ઉપર સતત ધ્યાન આપો. ત્યાર બાદ મતદાન એકમનાં ખુલ્લા બટન દબાવો
- નિયંત્રણ એકમનાં cONc તથા cBUSY lampcનાં બીપ અવાજ સાથે તપાસ કરો
- નોંધાયેલ તમામ મોકપોલ મતોનાં રીઝલ્ટની ડેમો પ્રિન્ટ કાઢવી
- નિયંત્રણ એકમને સ્વીચ ઓફ કરો
- નિયંત્રણ એકમમાંથી મતદાન એકમને ડીસકનેકટ કરો અને નિયંત્રણ એકમનાં પાછળનાં ભાગેથી કવર બંધ કરો
- કેન્ડીડેટ સેટ સેક્શન બંધ કરો અને એડ્રેસ ટેગ સાથે તેમાં સીલ મારો
- એડ્રેસ ટેગ પરની ગાંઠમાં લાખ મૂકો અને તેમાં આર.ઓ.નું સીલ લગાવો.

# નિયંત્રણ એકમ(સી.યુ.) તૈયાર કરવું

- મતદાન એકમનાં ઉપરનાં ભાગનાં કવરને બંધ કરો
- મતદાન એકમનાં કવરનાં ઉપરનાં ભાગે તથા તળિયાનાં ભાગે રહેલ કડીમાં સીલ લગાડો
- મતદાન એકમનાં ઈન્ટરકનેકટીંગ  કેબલને ગોઠવો
- મતદાન એકમને એક પ્લાસ્ટિક કવરમાં  મૂકો અને પછી તે તેના માટેની બેગમાં મૂકો.
- નિયંત્રણ એકમને એક પ્લાસ્ટિક કવરમાં મૂકો અને પછી તે તેના માટેની બેગમાં મૂકો
- બેગને અનુરૂપ એડ્રેસ ટેગ બાંધો

# વીજાણુ મતદાન યંત્રોનો સંગ્રહ

વીજાણુ મતદાન યંત્રો જિલ્લા ચૂંટણી અધિકારીના નિયંત્રણ  હેઠળ એક સ્ટ્રોન્ગ રૂમમાં સંગ્રહ થશે.

- તૈયાર થયેલ નિયંત્રણ એકમ અને મતદાન એકમનાં નંબરો દર્શાવતાં મશીનોની એક વિગતવાર યાદી
- સ્ટ્રોન્ગ રૂમમાંથી વીજાણુ મતદાન યંત્રો  જયારે જયારે બહાર કાઢવામાં આવે ત્યારે તારીખ સમય સાથેની જાણ ઉમેદવાર અને ઓબ્ઝર્વરને કરવી.
- જનરલ પ્લાનની સુવિધાઓ, સ્ટોરેજ, સલામતી અને તપાસ માટે કરવામાં આવેલ કાર્યવાહીની ઓબ્ઝર્વરને જાણકારી આપો.

# મતદાન પ્રક્રિયા માટે આવશ્યક સામગ્રી




- પ્રત્યેક પોલીંગ પાર્ટીને ચૂંટણી સામગ્રી અને સાહિત્યનો પૂરો સેટ પૂરો પાડવાનો
- દરેક પોલીંગ પાર્ટીને તૈયાર કરેલા ઈવીએમનો સંપૂર્ણ સેટ પણ આપવો
- મતદાન મથક પર ઉપયોગમાં લેવાના તમામ જરૂરી વૈધાનિક અને બિનવૈધાનિક ફોર્મ્સ સહિત જરૂરી તમામ કવર પૂરાં પાડવા પહોંચાડવા જોઈએ
- અન્ય સ્ટેશનરીની, બ્રાસ સીલ, મતદાન મથકનું સીલ, બહારનું પેપર સીલ, સ્પેશયલ ટેગ, એડ્રેસ ટેગ, સીલ માટેનો બ્લુ પેપર સીલ વગેરેની વ્યવસ્થા થવી જોઈએ[

# મતદાન પ્રક્રિયા માટેની સામગ્રી

વૈધાનિક અને બિનવૈધાનિક ચૂંટણી લક્ષી સામગ્રીનાં સેટની તૈયારી અંગે ખાતરી કરવી

મતદાનની તારીખનાં એક દિવસ પહેલાં જ ડીસ્પેચ સ્થળમાંથી તમામ ચૂંટણી લક્ષી સામગ્રીનો સેટ એકેએક પોલીંગ પાર્ટીને સોંપવો

પૂરતા બૂથ કેન્દ્રોની ગોઠવણ જેથી કોઈ પણ જગ્યાએ ભીડ ન થઈ જાય



# મતદાન પ્રક્રિયા માટે સામગ્રી





કંટ્રોલ યુનિટ - ૧

બેલેટની સંખ્યા (ઉમેદવારોની સંખ્યાનાં આધારે)

મતોનું રજીસ્ટર (૨૩-ક) - બુક ૧

મતદાર યાદીની નકલો - ૩ ફરજિયાત મતદાન નોંધ માટે એક વધારાની નકલ.

# મતદાન પ્રક્રિયા માટે સામગ્રી

સુપરત કરાયેલ મતો માટે બેલેટ પેપર - ૨૦

અવિલોપ્ય શાહીની બોટલ - ૨ નંગ (એકમાં ૧૦સીસી - ક્યૂબિક સેન્ટીમીટર)



સીયુ માટે એડ્રેસ
ટેગ - ૫


બીયુ માટે એડ્રેસ
ટેગ - ૪

સ્પેશ્યલ ટેગ - ૩

ઈવીએમ માટે વાદળી કલરનું સીલ (બ્લુ પેપર સીલ) - ૪

# મતદાન પ્રક્રિયા માટે સામગ્રી





- સ્ટ્રીપ સીલ - ૩
- એરો ક્રોસ માર્ક - ૧
- પર્પલ કલરનું સ્ટેમ્પ પેડ - ૧
- પ્રિસાઈડીંગ ઓફિસર માટે મેટલ સીલ - ૧
- દીવાસળી બોક્સ - ૧
- પ્રિસાઈડીંગ ઓફિસરની ડાયરી - ૧
- મતદાન મથકનાં અધિકૃત રબર સ્ટેમ્પની નિશાની

# મતદાન પ્રક્રિયા માટે સામગ્રી

ચૂંટણી લડતાં ઉમેદવારોની યાદી - ૧

તકરારી મતોની યાદી (નમૂનો - ૨૧) - ૨

અભણ અને અંધ મતદારોની યાદી (નમૂનો - ૨૦) - ૨

સુપરત થયેલાં મતોની યાદી (નમૂનો ૨૩ - ખ) - ૨

નોંધાયેલાં મતોનો હિસાબ-સંખ્યા (નમૂનો૨૩-ખ) ૧૦

# મતદાન પ્રક્રિયા માટે સામગ્રી

વપરાયેલ પેપર સીલની નોંધ - ૨

વાંધાજનક મતો માટે જમા થયેલ ફી નોંધણી માટેની રસીદ બુક  - ૧ બુક

ચૂંટણી શરૂ થયા પૂર્વે અને ચૂંટણી પૂર્ણ થયા બાદ  પ્રિસાઈડીંગ ઓફિસર દવારા તેની જાહેરાત (ભાગ ૧ થી ૪) - ૨

મતદાતા તરફથી તેની ઉંમર અંગે જાહેરાત - ૨

# મતદાન પ્રક્રિયા માટે સામગ્રી

વય અંગે એકરાર

અભણ અને અંધ મતદાતાઓનાં સાથીદાર તરફથી જાહેરાત - ૧૦

એજન્ટો માટેનાં પાસ - ૨

મુલાકાત પત્રક - ૨

# મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા પછી જરૂરી કવરો :

નાના કવરો
(વૈધાનિક કવરો)

મતદાર યાદીઓની માર્ક કરેલી
નકલો માટે.

મતદાર યાદીઓની અન્ય નકલો
માટેનાં કવરો

સુપરત થયેલ બેલેટ પેપર અને
સુપરત કરનાર મતદારોની યાદી
માટે

# મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા પછી જરૂરી કવરો :

મતદાનની શરૂઆત અને મતદાન બંધ કરવાની  જાહેરાત

નોંધાયેલાં મતોનાં હિસાબ માટે

તકરારી મતો

બગડેલાં અને ઉપયોગ ન થયો હોય તેવા કોરા કાગળ સીલ માટે

# મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા પછી જરૂરી કવરો :

પોલીંગ એજન્ટની નિમણૂકનાં પત્રો માટે

અંધ અને અભણ મતદારોની યાદી માટે

પ્રિસાઈડીંગ ઓફિસરની ડાયરી માટે

ઈલેકશન ડયૂટી સર્ટિફીકેટ માટે

# મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા પછી જરૂરી કવરો :

જપ્ત કરેલી રોકડ અને રસીદ બુક માટે

નાના કવરો માટે (અન્ય)

મતદારોની સહીઓનાં રજીસ્ટર માટે

# મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા પછી જરૂરી કવરો :

બિનવપરાયેલાં અને નુકશાન થયું હોય તેવા ખાસ ટેગ માટે

બિનવપરાયેલાં અને નુકશાન થયું હોય તેવા સ્ટ્રીપ સીલ માટેનાં કવરો

જયાં પણ કવરોની સાઈઝમાં નાના હોય ત્યાં પેકીંગ પેપર લાલ શાહીથી લખવા

# મતદાન પ્રક્રિયા માટે સામગ્રી

પોલીંગ ઓફિસર

પોલીંગ એજન્ટ

પ્રિસાઈડીંગ ઓફિસર

બહાર નીકળવાનો માર્ગ





પ્રવેશ

દરવાજા બહાર વિવિધ પ્રકારની નોટીસ કે જેમાં એરિયા વગેરે દર્શાવેલ હોય

# મતદાન પ્રક્રિયા માટે સામગ્રી



# મતદાન પ્રક્રિયા માટે સામગ્રી



સામાન્ય પેન્સીલ - ૧


બોલપેન - ૩
વાદળી (બ્લ્યૂ અને લાલ)






કોરા કાગળની ૮ શીટ

પીન - ૨૫ નંગ



# મતદાન પ્રક્રિયા માટે સામગ્રી



સીલ કરવા માટેનું વેક્સ - ૬ સ્ટીક્સ

મતદાન બૂથ બનાવવા માટેની સામગ્રી v **2+2=4**





ગુંદર - ૧ બોટલ

બ્લેડ - ૧



# મતદાન પ્રક્રિયા માટે સામગ્રી



મીણબતી - ૪ નંગ

પાતળાં દોરાનો
દડો - ૨૦ મીટર






ધાતુની ફુટપટ્ટી - ૧

કાર્બન પેપર - ૩



# મતદાન પ્રક્રિયા માટે સામગ્રી



ઓઈલ વગેરે લૂંછવા માટેનું કપડું - ૩


પેકેજિંગ પેપર - ૨ શીટ






અવિલોપ્ય તેવી શાહી રાખવા માટે કપ/ખાલી વાડકો/પ્લાસ્ટિક બોક્સ - ૧

ડ્રોઈંગ પીન - ૨૪




# મતદાન પ્રક્રિયા માટે સામગ્રી



ચેકલીસ્ટ - ૨

રબ્બર બેન્ડ - ૨૦ નંગ





સેલો ટેપ - ૧ નંગ

# રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ – ચટણ – પચત – વદસ/ ૯૫ તા. ૧૯/૪/૯૫ થી નક્કી થયા મુજબ તે આદેશમાં

જણાવેલા વિગતોવાળા વિશિષ્ટતા દર્શક રબ્બરના સીક્કા નીચે જણાવેલ સાઈઝ મુજબ તથા આકૃતિમાં જણાવ્યા પ્રમાણે તૈયાર કરાવવાના રહેશે.

<u>જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી માટે</u>

(૧) સીક્કાનો વ્યાસ ૨ સે.મી.નો રહેશે

(૨) ઉપરના ભાગે જિલ્લા પંચાયત તેમજ મતદાર વિભાગનો સામાન્ય ક્રમાંક દર્શાવવાનો છે તેની નીચે સીધી લીટી દર્શાવવાની છે.

(૩) નીચેના ભાગે તાલુકા પંચાયત મતદાર વિભાગના ગામોના મતદાન મથક નંબર દર્શાવવાનો રહેશે.

(૪) સીક્કામાં ઉપસે તેવી ગોળ વર્તુળ દર્શાવતી બોર્ડર અને વચ્ચે સીધી લીટી દર્શાવવાની રહેશે.

(૫) રબ્બરના સીક્કા મતપત્ર પર લગાવી શકાય તે માટે લાકડાનો મજબૂત હાથો લગાવવાનો રહેશે.

<u>ગ્રામ પંચાયત/ સરપંચની ચૂંટણી માટે</u>

(1) સીક્કાનો વ્યાસ ૩ સે.મી.નો રહેશે.

(૨) સીક્કામાં ઉપસે તેવા ગોળ વર્તુળ દર્શાવતી બોર્ડર દર્શાવવાની રહેશે.

(૩) વર્તુળના વચ્ચેના ભાગમાં ત્રણ સિંહના માથાવાળા અશોક સ્તંભનું ચીન્હ તથા ‘ સત્યમેવ જયતે’ દર્શાવવાનું રહેશે.

(૪) અંદરના વર્તુળના બહારના ભાગમાં ઉપરના ભાગે ‘ગ્રામ પંચાયત ચૂંટણી’ અને નીચેના ભાગે ‘રાજ્ય ચૂંટણી આયોગ’એમ દર્શાવવાનું રહેશે.

(૫) રબ્બરના સીક્કા મતપત્ર પર લગાવી શકાય તે માટે લાકડાનો મજબૂત હાથો લગાવવાનો રહેશે.

# નમૂનો-ક

........................ જિલ્લા પંચાયત મતદાર મંડળ નં. ....................નામ ............../ .................... તાલુકા પંચાયત મતદાન મંડળ નં. .................. નામ ............ ની સામાન્ય/પેટા ચૂંટણી માટે મતદાન સ્ટાફની નિમણુકનું રજીસ્ટર.

| જિલ્લા નું નામ | તાલુકા નું નામ | ગામનું નામ | મતદાન મથક નંબર | મતદાન મથકનું સ્થળ તથા તેનો વિસ્તાર | મતદારોની સંખ્યા | | | નિયુક્ત કરેલ અધિકારી/કર્મચારીનું પુરેપૂરું નામ અને હોદ્દો તથા કચેરીનું પુરેપૂરું સરનામું | | | નિયુક્ત કરેલ હોદ્દાનું નામ (જેવા કે પ્રમુખ અધિકારી / મદદનીશ પ્રમુખ અધિકારી / મતદાન અધિકારી પટાવાળા) | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પુરુષ | સ્ત્રી | કુલ | નામ | હોદ્દો | કચેરીનું સરનામું | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬(૧) | ૬(૨) | ૬(૩) | ૭(૧) | ૭(૨) | ૭(૩) | ૮ | ૯ |

અનામત ચૂટણી સ્ટાફની નિયુક્તી હોદ્દાવાર ૧૦% પ્રમાણે કરવી.

<u>ચૂંટણી સ્ટાફની તારીજ</u>

૧. મતદાન મથકના પ્રમુખ અધિકારીની સંખ્યા
૨. મતદાન મથકના મદદનીશ પ્રમુખ અધિકારીની સંખ્યા
૩. મતદાન મથકના મતદાન અધિકારીની સંખ્યા
૪. મતદાન મથકના પટાવાળાની સંખ્યા

કુલ :-

<u>અનામત ચૂંટણી સ્ટાફની તારીજ</u>

૧. મતદાન મથકના પ્રમુખ અધિકારીની સંખ્યા
૨. મતદાન મથકના મતદાન અધિકારીની સંખ્યા
૩. મતદાન મથકના પટાવાળાની સંખ્યા

કુલ :-

ચૂટણી અધિકારી
....................જિલ્લા/તાલુકા પંચાયત
મતદાર મંડળ નં. ..................
નામ ........................
અને હોદ્દો ........................

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે જુદા જુદા મતદાન મથકો માટે પ્રમુખ અધિકારી / મતદાન અધિકારીની જે ટુકડી રચવાની/નિમણુક કરવાની દરખાસ્ત છે તે ટુકડીના સભ્યો જુદી જુદી કચેરીઓ, નિગમો/બોર્ડોમાંથી પસંદ કરવામાં આવ્યા છે.

ચૂંટણી અધિકારી
................. જિલ્લા/તાલુકાપંચાયત
મતદાર વિભાગ નં.....................
નામ .....................
અને (હોદ્દો).......................

## હુકમ

ચૂંટણી અધિકારી તરફથી ................. જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગ નં. ................. નામ ............... ની સામાન્ય / પેટા ચૂંટણી માટે ઉપરોક્ત ચૂંટણી સ્ટાફની નિયુક્તી કરવામાં આવેલ છે તેને મંજૂરી આપવામાં આવે છે.

નં. .....................
કચેરીનું નામ
તારીખ : - -૨૦૦૫

જિલ્લા ચૂંટણી અધિકારી
અને કલેક્ટર ..................... જિલ્લો.

## નમૂનો નં.-ખ

નં.
ચૂંટણી અધિકારીની કચેરીનું નામ સરનામુ
તારીખ : - -૧૯૯

.............................. જિલ્લા / તાલુકા પંચાયત મતદાર વિભાગ નં.................... નામ .......................... ની સામાન્ય / પેટા ચૂંટણી સને ૧૯૯ માટે મતદાન મથકના પ્રમુખ અધિકારીઓ અને મતદાન અધિકારીઓની નિમણૂંકનો હુકમ.

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૭ થી મળેલ સત્તાની રુઈએ ............... જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગ નં. .... નામ ........... ની સામાન્ય/પેટા ચૂંટણી માટે નીચે જણાવેલ નમુનાના કોલમ નં. ૧ માં જણાવેલ ગામ માટે તેની સામે કોલમ નં. ૨માં જણાવેલ મતદાન મથક માટે કોલમ નં. ૩, ૪માં જણાવેલ અધિકારીઓ/કર્મચારીઓને અનુક્રમે મતદાન મથકના પ્રમુખ અધિકારી અને મતદાન અધિકારી/પટાવાળા તરીકે આથી નીમવા હુકમ કરું છું. નમુનાના કોલમ નં. ૫ માં જણાવેલ અધિકારી/કર્મચારીને મતદાન મથકના પ્રમુખ અધિકારીઓની અનિવાર્ય કારણોસરની ગેરહાજરી દરમ્યાન મતદાન મથકના પ્રમુખ અધિકારીની ફરજો બજાવવા અધિકૃત કરવા હુકમ કરું છું.

### નમૂનો

| ગામનું નામ | મતદાન મથકનો નંબર તથા નામ મતદાન મથકના સ્થળ અંગેની પૂરી વિગતો સહિત | મતદાન મથકના પ્રમુખ અધિકારીનું પૂરું નામ તથા કચેરીનું સરનામું | મતદાન અધિકારીનાં/ પટાવાળાના પૂરા નામ તથા કચેરીનાં સરનામાં | મતદાન મથકના પ્રમુખ અધિકારીની ગેરહાજરી દરમ્યાન તેમની ફરજો બજાવવા માટે જેમને અધિકૃત કરવામાં આવ્યાં હોય તે મતદાન અધિકારીનું નામ તથા કચેરીનું સરનામું |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

તા. - - ના રોજ સવારના ......... થી સાંજના ........... કલાકો દરમ્યાન મતદાન થશે. મતદાન મથકના પ્રમુખ અધિકારીએ મતદાન અંગેની સામગ્રી ............. (સ્થળનું પુરું સરનામું) ખાતેથી મેળવવાની વ્યવસ્થા કરવા અને મતદાન પૂરું થયા બાદ તે એકત્ર/પરત કરવાના કેન્દ્ર .................. (સ્થળનું પુરું સરનામું) ખાતે પરત સોંપવાની વ્યવસ્થા કરવી.

મતદાન મથકના પ્રમુખ અધિકારી/મતદાન અધિકારીઓ માટેના તાલીમ વર્ગ નીચે જણાવેલ સ્થળે તેની સામે જણાવેલ તારીખે તથા સમયે રાખવામાં આવેલ છે જેમાં કોણે હાજર રહેવાનું તે સ્પષ્ટ દર્શાવેલ છે તે મુજબ સંબંધકર્તાઓએ અચુક તાલીમ વર્ગમાં હાજરી આપવાની છે.

| તાલીમ વર્ગનું સ્થળ | તાલીમ વર્ગની તારીખ | સમય | તાલીમ વર્ગમાં હાજરી આપવાની છે તે અધિકારી/ કર્મચારીઓના હોદ્દાની વિગત. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

ચૂંટણી અધિકારી
..................... જિલ્લા/તાલુકા પંચાયત
મતદાર વિભાગ નં. ......... નામ ...................
અને હોદ્દો ..................

પ્રતિ,
મતદાન મથકના પ્રમુખ અધિકારી
મતદાન મથકના મતદાન અધિકારીઓ તરફ
મતદાન મથકના પટાવાળા તરફ

# જિલ્લા/ તાલુકા/ગ્રામ પંચાયતની સામાન્ય/પેટા ચૂંટણી માટે મતદાન સંચાલન ટુકડી માટે ઉપયોગમાં લેવાની મતદાન અંગેની સામગ્રીની યાદી.

## ૧. વૈધાનિક તથા બિન ફોર્મ વૈધાનિક

| અ.નં ૧. | ફોર્મની વિગત ૨. | મતદાન મથક દીઠ ૩. |
|---|---|---|
| ૧ | અંધ અને અશક્ત મતદારોની યાદીના ફોર્મનો નમૂનો નં.૨૦ | ૪ |
| ૨ | તકરારી મતોની યાદીના ફોર્મના નમૂનો નં. ૨૧ | ૪ |
| ૩ | સુપ્રત કરેલા મતોની યાદીના ફોર્મનો નમૂનો નં. ૨૨ | ૪ |
| ૪ | મતપત્રોના હિસાબના ફોર્મનો નમૂનો ૨૩ | ૨૫ |
| ૫ | મતપેટીના હિસાબના ફોર્મનો નમૂનો | ૪ |
| ૬ | મતદાન મથકની બહાર મતદાન વિસ્તાર અને મતદારોની વિગત દર્શાવતી નોટીસ | ૨ |
| ૭ | મતદાન મથક શરૂ થયા પહેલાં મતદાન મથકના પ્રમુખ અધિકારીઓનાં એકરારનું ફોર્મ | ૨ |
| ૮ | મતપેટી પર લગાડવાની સરનામા ટેગ | ૧૨ |
| ૯ | મતપેટી પર લગાડવાના લેબલનો નમૂનો | ૬ |
| ૧૦ | અંધ અને અશક્ત મતદારોના સાથીના એકરારના ફોર્મ | ૨૦ |
| ૧૧ | તકરારી મતો માટેની ફીની પહોંચબુક | ૨ બુક ૧૦ પાનાની |
| ૧૨ | પોલીસ અધિકારીને આપવાના ફરીયાદ પત્રનો નમૂનો | ૧૦ |
| ૧૩ | મતદાર દ્વારા વય અંગે એકરાર કરવા માટેનું ફોર્મ | ૧૦ |
| ૧૪ | મતદાર દ્વારા વય અંગે એકરાર/ એકરાર કરવા ના પાડી હોય તેવા મતદારોની યાદીનું ફોર્મ | ૪ |
| ૧૫ | મતદાર મથકના પ્રમુખ અધિકારીની ડાયરીનું ફોર્મ | ૪ |
| ૧૬ | પેપરસીલના હિસાબનો નમૂનો | ૪ |
| ૧૭ | મતદાનના આગલા દિવસે ચૂંટણી અધિકારીને પ્રમુખ અધિકારીએ મોકલવાના અહેવાલનો નમૂનો. | ૪ |

## ૨(૧) મતદાન મથકે ઉપયોગમાં લેવાના વૈધાનિક ફોર્મના પરબીડિયાં.

| અ.નં<br>૧. | કવરની બાબત<br>૨. | મતદાન મથક દીઠ<br>૩. | સાઈઝ<br>૪ |
|---|---|---|---|
| ૧ | મતદાર યાદીની નિશાની કરેલ નકલ ધરાવતું પરબીડિયું | ૨ | ૫”*૧૧” |
| ૨ | નહીં વપરાયેલા અડધીયા સાથેના મતપત્રોનું પરબીડિયું | ૪ | ૧૦”*૨૨” |
| ૩ | સહીવાળા પરંતુ નહીં વપરાયેલા અડધીયા સાથેના મતપત્રોનું પરબીડિયું. | ૪ | ૧૮”*૮” |
| ૪ | સુપ્રત કરેલા મતપત્રોવાળા અડધીયા સહીત વપરાયેલા મતપત્રોના અડધીયા ધરાવતું. | ૪ | ૧૮”*૮” |
| ૫ | સુપ્રત કરેલા મતપત્રો અને સુપ્રત કરેલા મતોની યાદીનું પરબીડિયું | ૪ | ૫”*૧૧” |
| ૬ | મતદાનની રીતનો ભંગ થવાને કારણે રદ કરેલા મતપત્રોનું પરબીડિયું | ૪ | ૫”*૧૧”૭૯ |
| ૭ | પાછા આવેલા અને બીજા રદ કરેલા મતપત્રો ધરાવતું પરબીડિયું. | ૪ | ૫”*૧૧ |

## ૨.(૨) બિન વૈધાનિક પરબીડિયાં

| | | | |
|---|---|---|---|
| ૮ | મતદાર યાદીની નિશાની કર્યા સિવાયની નકલ ધરાવતું પરબીડિયું | ૨ | ૧૮”*૮” |
| ૯ | મતદાન એજન્ટોના નિયુક્તિપત્રો ધરાવતું પરબીડિયું. | ૪ | ૫”*૧૧” |
| ૧૦ | ચૂંટણી ફરજ પ્રમાણપત્રો ધરાવતું પરબીડિયુ | ૨ | ૫”*૧૧” |
| ૧૧ | તકરારી મતોની યાદી ધરાવતું પરબીડિયું | ૪ | ૫”*૧૧” |
| ૧૨ | અંધ અને અશક્ત મતદારોની યાદી અને સાથી એકરાર ધરાવતું પરબીડિયુ | ૨ | ૫”*૧૧” |
| ૧૩ | મતદારો પાસેથી વય અંગે મેળવેલ એકરાર અને તેની યાદી ધરાવતું પરબીડિયું | ૨ | ૫”*૧૧” |
| ૧૪ | તકરારી મતો અંગે રસીદબુક અને રોકડ રકમ ધરાવતું પરબીડિયુ. | ૨ | ૫”*૧૧” |
| ૧૫ | વપરાયા વિનાના અને નુકસાનવાળા પેપરસીલ ધરાવતું પરબીડિયુ. | ૨ | ૫”*૪” |
| ૧૬ | મતપેટીના હિસાબનું પરબીડિયુ. | ૨ | ૫”*૪” |

## ૨(૩) અન્ય પરબીડિયાં.

| અ.નં<br>૧. | કવરની બાબત<br>૨. | મતદાન મથક દીઠ<br>૩. | સાઈઝ<br>૪ |
|---|---|---|---|
| ૧૭ | મતદાન મથકના પ્રમુખ અધિકારીની સૂચના / પુસ્તિકાનું પરબીડિયું | ૧ | ૬"*૧૮" |
| ૧૮ | અ. મતપત્રો ધકેલવા માટેનું પુશર અને મતપત્રોના અડધીયા જુદા પાડવા માટે ધાતુની પટ્ટી | ૨ | ૮"*૧૮" |
| | બ. અવિલોપ્ય શાહીનો સેટ | | |
| | ક. સ્ટેમ્પ પેડ (શાહી ગાદી) | | |
| | ડ. મતદાન મથકના પ્રમુખ અધિકારીનું ધાતુનું સીલ | | |
| | ઈ. મતદાન મથકની વિશિષ્ટતાદર્શક નિશાનીવાળો રબ્બરનો સિક્કો | | |
| | ફ. મતપત્ર પર નિશાની કરવા માટેના એરોક્રોસ માર્ક સિક્કા અ થી ફનું સંયુક્ત ભેગુ કવર | | |
| ૧૯ | ચૂંટણી અધિકારીએ સીલબંધ પેકેટમાં રાખવાની સૂચના આપી હોય તેવા બીજા કાગળોનું પરબીડિયું. | ૨ | ૫"*૧૧" |
| ૨૦ | મતદાન મથકના પ્રમુખ અધિકારીની ડાયરી માટેનું પરબીડિયું. | ૨ | ૫"*૧૧" |
| ૨૧ | મતદાન મથકે થયેલ મતદાનની ટકાવારી દર્શાવતા પત્રકનું પરબીડિયું | ૪ | ૫"*૪" |
| ૨૨ | પ્રમુખ અધિકારીશ્રીને ખાસ સૂચના બાબતના પત્રો ધરાવતું પરબીડિયું | ૨ | ૫"*૪" |
| ૨૩ | મતપત્રોના હિસાબ ધરાવતું પરબીડિયું. | ૬ | ૫"*૪" |
| ૨૪ | પેપરસીલ ધરાવતું પરબીડિયું | ૨ | ૫"*૪" |
| ૨૫ | મતદાન શરૂ થતા પહેલા પ્રમુખ અધિકારીનું એકરારનું પરબીડિયું. | ૨ | ૫"*૧૧" |
| ૨૬ | વધારાના કવર | ૬ | ૫"*૧૧" |

### ૩. મતદાન મથકે ઉપયોગમાં લેવાની સાધન સામગ્રી/સ્ટેશનરી

| | | |
|---|---|---|
| ૧. | મતપેટી મોટી સાઇઝ | ૨ મોટી સાઇઝ |
| | અગર | ૧ નાની સાઇઝ |
| | મતપેટી નાની સાઇઝ | ૪ નાની સાઇઝ |
| ૨. | મતપત્ર પર નિશાની કરવા માટે તીરની ચોકડીના નિશાનવાળા રબરના સિક્કા | ૪ નંગ |
| ૩. | મતપત્ર માટે પુશર | ૧ |
| ૪. | મતપત્રો અડધીયામાંથી અલગ પાડવા માટે ધાતુની પટ્ટી | ૨ |
| ૫. | શાહી ગાદી (જાંબલી) સ્ટેમ્પ પેડ | ૨ |
| ૬. | મતકુટીર માટેની સામગ્રી | ૨ |
| ૭. | અવિલોપ્ય શાહીની શીશી રાખવા માટે સીગરેટના ખાલી ડબ્બા | ૧ |
| ૮. | અવિલોપ્ય શાહી | ૫ સી.સી. ની ૨ નંગ |
| ૯. | સામાન્ય પેન્સીલ | ૨ |
| ૧૦. | નકલ કરવા માટેની કોપીંગ પેન્સિલ | ૨ |
| ૧૧. | બોલપેન રીફીલ સાથે | ૨ |
| ૧૨. | સ્ટેમ્પ પેડમાં નાંખવા માટેની જાંબલી શાહીની શીશી | ૧ |
| ૧૩. | ફુલ સ્કેપ કાગળ | ૧૨ શીટ |
| ૧૪. | ટાંકણીનું પડીકું | ૧/૨ |
| ૧૫. | સુતળી | ૧૦૦ ગ્રામ |
| ૧૬. | લાખ | ૧૦ લાકડી |
| ૧૭. | મીણીયા દોરાના દડા | ૨ નંગ |
| ૧૮. | રાજ્ય ચૂંટણી પંચનું ધાતુનું સીલ પ્રમુખ અધિકારી માટે | ૧ |
| ૧૯. | ગુંદરની શીશી | ૧ |
| ૨૦ | વળી શકે તેવા તાર | ૧૦ નંગ |
| ૨૧. | દિવાસળીની પેટી | ૧ નંગ |
| ૨૨. | બ્લેડ | ૧ નંગ |
| ૨૩. | સોય-દોરો | ૧ નંગ |
| ૨૪. | મતદારની આંગળી પરથી તૈલી અથવા બીજો કોઇ પદાર્થ દૂર કરવા માટે કાપડનો ટુકડો | ૧ નંગ |
| ૨૫. | પેપરસીલને મજબુત બનાવવા માટે પુંઠાના ટુકડા | ૧૦ નંગ |
| ૨૬. | મતદાન મથકની વિશિષ્ટતાદર્શક નિશાની ધરાવતો રબ્બર સ્ટેમ્પ | ૧ નંગ |
| ૨૭. | પેક કરવા માટેના જાડા ક્રાફ્ટ પેપર | ૪ શીટ |
| ૨૮. | મીણબત્તી મોટી સાઇઝ | ૪ નંગ |
| ૨૯. | સફેદ ચોક સ્ટીક | ૩ નંગ |
| ૩૦. | કોરા કાગળની સ્લીપબુક | ૧ બુક |
| ૩૧. | પેન્સીલ કાર્બન પેપર | ૫ નંગ |
| ૩૨. | મતપેટીને સુરક્ષિત કરવા માટે સુતરની સફેદ પટ્ટી (ટેપ) | ૨ નંગ |
| ૩૩. | ટેગ ૮" સાઇઝ | ૧૦ નંગ |
| ૩૪. | ગમ ક્રાફ્ટ પેપર | ૩ મીટર |
| ૩૫. | સેફ્ટીપીન | ૨૦ નંગ |
| ૩૬. | જાડી દોરીનો દડો (સુતરનો) | ૧ |
| ૩૭. | કાથી | ૨૦૦ ગ્રામ |
| ૩૮. | મતકુટી ઊભી કરવા માટે ડ્રોઇંગ પીન | ૧૨ નંગ |
| ૩૯. | મતપેટીને વીંટાળવાની થેલીઓ મતપેટીની સાઇઝ પ્રમાણે | ૩ નંગ |
| ૪૦. | મતપેટી તથા સામગ્રી મુકવા માટે પોલીથીનની કોથળી/શણનો કોથળો | ૧ નંગ |

૪૧. બેઈઝ (બીલ્લા)


| | | |
|---|---|---|
| ૧. | મતદાન મથકના પ્રમુખ અધિકારી | ૧ |
| ૨. | મતદાન અધિકારી | ૫ |
| ૩. | પટાવાળા | ૧ |
| ૪. | મતદાન એજન્ટ | ૨૦ |
| ૫. | "મતદાન મથક" | ૧ |
| ૬. | "પ્રવેશ" | ૧ |
| ૭. | "મતદારો લાઈનમાં ઊભા રહો પુરુષ" | ૧ |
| ૮. | "મતદારો લાઈનમાં ઊભા રહો સ્ત્રી" | ૧ |
| ૯. | "શાંતિ જાળવો." | ૧ |
| ૧૦. | "મતદાન મથકની ૨૦૦ મીટરની મર્યાદામાં ચૂંટણી પ્રચાર કરવો એ ગુન્હો છે." | ૧ |
| ૧૧. | "મતપત્ર અહીંથી મેળવો." | ૧ |
| ૧૨. | "મતપત્ર આ પેટીમાં નાંખો" | ૧ |
| ૧૩. | "મતદાન કુટીર" | ૨ |
| ૧૪. | "અંદર જવાનો રસ્તો" | ૧ |
| ૧૫. | "બહાર જવાનો રસ્તો" | ૧ |
| ૧૬. | ધુમ્રપાન કરવાની મનાઈ છે. | ૧ |
| ૧૭. | "મતદાનની ગુપ્તતા જાળવો." | ૧ |
| ૧૮. | "મતદાન મથકની હદ" | ૧ |
| ૧૯. | પુરુષોની લાઈન | ૧ |
| ૨૦. | સ્ત્રીઓની લાઈન | ૧ |

# મતદાન ટૂકડી અને મતદાન સામગ્રી સમયસર મતદાન મથક પર પહોંચાડવી




મતદાન ટૂકડીએ મતદાન મથક પર મતદાન માટેની જરૂરી સામગ્રી લઈને મતદાનના એક દિવસ પહેલાથી પહોંચી

મતદાન ટૂકડીને સલામતી માટે પોલીસની વ્યવસ્થા સાથે મોકલવામાં આવશે



મતદાન ટૂકડીએ પહોંચતા પોલિંગ સ્ટેશનની રચના કરવી

## અનુસુચિ નં.૧

**<u>રાજ્યની જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીની ચૂંટણી અધિકારીઓ તરફથી કરેલ પૂર્વ તૈયારીની ચકાસણીનું ચેકલીસ્ટ.</u>**

૧. ડીસ્ટ્રીક્ટ ઇન્ફરમેટીક્સ ઓફિસરને જરૂરી માહિતી આપી કોમ્પ્યુટરમાં ફીડ થઇ ગઇ ? જેવી કે જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગમાં સમાવિષ્ટ તમામ ગામોના પુરુષ, સ્ત્રી અને કુલના આંકડા સર્વિસ મતદારોના પુરુષ, સ્ત્રી, અને કુલ મતદારાનો આંકડા હરીફ ઉમેદવારોની યાદી નમુના નં. ૭ મુજબના ફોર્મમાં બેઠકના પ્રકાર તથા ઉમેદવારોના નામ, સાથેની વિગતો ફીડ થઇ ?
હરીફ ઉમેદવારોની યાદી ચેકલીસ્ટ સાથે રાખવી.

જિલ્લા પંચાયતનું નામ :
તાલુકા પંચાયતનું નામ :
મતદાર વિભાગના નંબર તથા નામ :
બેઠકનો પ્રકાર :
મતદારોની સંખ્યા :

| | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| સામાન્ય મતદારો | | | |
| સર્વિસ મતદારો | | | |

૨. (૧) જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોની સામાન્ય/પેટા ચૂંટણી યોજવાની છે તેના તમામ મતદાન મથકો જોઇ લીધા ?

૨. (૨) મતદાન મથકના સ્થળમાં કોઇ ફેરફારની જરૂર નથી તેની ખાતરી કરી ?

૨. (૩) જો ફેરફાર કરવા સરખો જણાય તો જે તે મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામોનાં મતદાન મથકોમાં ફેરફાર માટેની દરખાસ્ત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને મોકલી રાજ્ય ચૂંટણી પંચની પૂર્વ મંજૂરી મેળવવાની કાર્યવાહી કરવી જેની પ્રસિધ્ધિ ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૮ (૨) અનુસાર સંબંધકર્તા કચેરી/સ્થળોએ કરવામાં આવી ?

૩. જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ તમામ ગામોના મતદાન મથકો માટે મતદાન ટુકડીની (પોલીંગ સ્ટાફની) નિમણુંક થઇ ?

| મતદાન મથકોની <u>સંખ્યા</u> | પ્રમુખ અધિકારીની <u>સંખ્યા</u> | પોલીંગ અધિકારીની <u>સંખ્યા</u> | પટાવાળાની <u>સંખ્યા</u> |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

૧. કેટલા પ્રમુખ અધિકારીશ્રી મતદાનમથકો પર ફરજ માટે નિયુકત કર્યા સંખ્યા જણાવો.
૨. રીઝર્વ સ્ટાફની નિમણુંક કરી ? સંખ્યા જણાવો.
૩. માર્ગદર્શક પ્રમુખ અધિકારીશ્રી કેટલા મતદાન મથકો માટે નિમ્યા ? સંખ્યા જણાવો.
૪. રુટ ઓફિસરો નિમ્યા ? કેટલા.
૫. ઝોનલ અધિકારીશ્રી / સેકટર મેજીસ્ટ્રેટ નિમ્યા ? કેટલા.

૪. (૧) વિધાનસભા / લોકસભા ચૂંટણીમાં ઉપયોગમાં લેવાતી લોખંડની મતપેટીઓની જરૂરીયાત મતદાન મથકોની સંખ્યાના પ્રમાણમાં નકકી કરી મતદાન મથકોની સંખ્યા દર્શાવવી.
(૨) કેટલી મતપેટીઓની જરૂરયાત છે ? તેની સંખ્યા પૈકી
૧. મોટી સાઇઝની મતપેટીઓની સંખ્યા.
૨. નાની સાઇઝની મતપેટીઓની સંખ્યા.
૩. જરૂરીયાત મુજબની તાલુકા કક્ષાએ મતપેટીઓની ઉપલબ્ધ છે ?

૪. મતપેટીની ચકાસણી કરી, મતપેટીઓ સાફ કરાવી ? ઓઇલીંગ કરાવી.

| મતદાન મથકોની સંખ્યા | જરૂરીયાત | ઉપલબ્ધિ |
| --- | --- | --- |

૫. મતદાન સમયે ઉપયોગમાં લેવા માટે મતદાન મથકોએ આપવાની નીચેની સામગ્રી માટેની જરૂરીયાત નક્કી કરી તેની ઉપલબ્ધિની ખાતરી કરી.

૧. અવિલોપ્ય શાહીની બોટલો.
૨. પેપરસીલ
૩. એરોક્રોસ માર્કના રબ્બરના સિક્કાઓ
૪. મતદાન સમયે મતપેટી / પરબીડીયાને સીલ કરવા માટેના રાજ્ય ચૂંટણી પંચના પિત્તળના બ્રાસ સીલ.
૫. ચૂંટણી અધિકારીના પિત્તાળનાં બ્રાસ સીલ
૬. રાજ્ય ચૂંટણી પંચે મતપત્રો પાછળ મારવાના નક્કી કરેલ રબ્બરના વિશિષ્ટતાદર્શક સિક્કાઓ.

૬. ઉમેદવારી પાછી ખેંચનારા ઉમેદવારોને ડીપોઝીટની રકમ રીફંડ આપી ?

૭. બીન હરીફ જાહેર થયેલા ઉમેદવારોને ડીપોઝીટની રકમ રીફંડ આપી ?

૮. મતદાન ટુકડી માટેની સામગ્રી મતદાન મથકવાર તૈયાર કરાવી ?

૯. જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ ગામોનાં તમામ મતદાન મથકો માટેની મતદારયાદીની પાંચ વર્કીંગ કોપી તૈયાર કરવી.

૧૦. (૧) ચૂંટણી માટે નિયુક્ત કરેલ પોલીંગ સ્ટાફને નિયુક્તિના હુકમ પહોંચાડ્યા ?
(૨) મતદાન મથકના પ્રમુખ અધિકારીઓને રાજ્ય ચૂંટણી પંચ તરફથી બહાર પાડેલ જિલ્લા / તાલુકા / ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે મતદાન મથકના પ્રમુખ અધિકારીઓ માટેની પુસ્તિકા પૂરી પાડી ?
(૩) ચૂંટણી માટે નિયુક્ત કરેલ પોલીંગ સ્ટાફના કર્મચારીઓ/અધિકારીઓને નિયુક્તિના હુકમ સાથે ટપાલમતપત્ર માટે ઠરેલ નમુના નં. ૧૩ની અરજીનાં ફોર્મો/નમુનાઓ તથા ચૂંટણી ફરજ પ્રમાણપત્ર માટે ઠરેલ નમુના નં. ૧૪ના અરજીના ફોર્મો/નમુનાઓ આપ્યા?

૧૧. પોલીંગ સ્ટાફને તાલીમ આપવા માટે કેટલા તાલીમ વર્ગ યોજ્યા ?
(૧) બીજા તાલીમ વર્ગમાં ચૂંટણી ફરજ પ્રમાણપત્ર માટેની નમુના નં. ૧૪ના ફોર્મમાં તથા ટપાલ મતપત્ર માટે ઠરેલ નમુના નં. ૧૩ના ફોર્મમાં અરજી મેળવી
(૨) પોલીસ કર્મચારી/અધિકારીઓને પણ તેઓની ફરજ ? અંગે તાલીમ આપી તેઓને પણ ચૂંટણી ફરજ પ્રમાણપત્ર માટે નમુના નં. ૧૪ની અરજીના ફોર્મના નમુના તથા ટપાલમતપત્ર માટે ઠરેલ નમુના નં. ૧૩ની અરજીના ફોર્મના નમુના આપ્યા ?

૧૨. (૧) ચૂંટણી માટે નિયુક્ત કરેલ પોલીંગ સ્ટાફના કર્મચારીઓ/અધિકારીઓ તથા પોલીસ સ્ટાફના

કર્મચારી/અધિકારીઓ/પૈકી કેટલા અધિકારી/કર્મચારીઓ માટે નમુના નં.૧૫ મુજબ ચૂંટણી ફરજ પ્રમાણપત્ર તૈયાર કરાવ્યા ? સંબંધ કર્તા કર્મચારીઓ/અધિકારીઓને પ્રમાણપત્રો પહોંચાડ્યા ?

(૨) ટપાલથી મત આપતા કર્મચારી/અધિકારીઓને ટપાલ મતપત્રો મોકલ્યા ? નમુના નં. ૧૬, ૧૯ તથા નમુના નં. ૧૭ તથા ૧૮ના ફોર્મ તથા પરબીડીયાં મોકલ્યા ?

૧૩. ચૂંટણી ફરજ પ્રમાણપત્રની તથા ટપાલ મતપત્રો મોકલેલ મતદારોના નામો સામે જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામો પૈકી જે તે ગામોની મતદારયાદીની વર્કીંગ કોપીમાં તે માટેની નોંધ રાખી?

૧૪. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો – ૧૯૯૪ના નિયમ-૨૫, ૨૬, ૨૮ તથા ૨૯ અનુસાર ટપાલ દ્વારા મત આપવા હકદાર વ્યક્તિઓને રાજ્ય ચૂંટણી પંચે નક્કી કરેલ નમુના અનુસાર ટપાલ મતપત્રો (પોસ્ટલ બેલેટ પેપરો) તૈયાર કરાવી નમુના નં. ૧૬, ૧૯ના ફોર્મો તથા નમુના નં. ૧૭ તથા ૧૮ અનુસાર કવરો સાથે ટપાલપત્રો મોકલવા કાર્યવાહી કરી.

(૧) આવી કેટલી વ્યક્તિઓને ટપાલ મતપત્રો કઈ તારીખે મોકલ્યા ?

૧૫. ખાનગી પ્રેસમાં/સરકારી પ્રેસમાં છપાયેલ જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગ વાર મતપત્રો મતદાન મથકવાર ધોરણ મુજબ જુદા કરી સ્ટ્રોંગરુમમાં મુકાવ્યા?

૧૬. મતદાનના આગલા દિવસે મતદાન મથકો એ પોલીંગ પાર્ટીને આપવાની સામગ્રી લેવા માટે પ્રમુખ અધિકારી/મદદનીશ પ્રમુખ અધિકારી/પટાવાળા તથા અન્ય કામગીરી માટે નિયુક્ત કરેલ અધિકારી / કર્મચારીઓને ડીસ્પેચીંગ સેન્ટર પર હાજર રહેવાનું સ્થળ તથા સમય જણાવ્યો ?

૧૭. મતદાન ટુકડીને આપવાની સાધનસામગ્રી મતપત્રો વગેરેની રવાનગી ડીલીવરી માટે કેટલા ટેબલ ગોઠવ્યા ? આ કામગીરી માટે ટેબલવાર આપવાની સાધનસામગ્રી તેમજ કર્મચારી/અધિકારીઓની નિયુક્તિનાં આદેશો કર્યા ? કઈ તારીખે આદેશો કર્યા? આદેશો સંબંધકર્તાને પહોંચાડ્યા ?

૧૮. મતદાન ટુકડીની રવાનગી માટે પરિવહનની એટલે કે વાહનોની વ્યવસ્થા કરી તેમજ કેટલા રુટ નક્કી કર્યા રુટવાર વાહનની ફાળવણી / વાહન નક્કી કરી તેની જાણ સંબંધકર્તા અધિકારીઓને તથા સંબંધકર્તા મતદાન મથકના પ્રમુખ અધિકારી તથા પોલીંગ સ્ટાફને કરી ?

૧૯. પ્રમુખ અધિકારીશ્રી અને પહેલા મતદાન અધિકારીશ્રી તથા પટાવાળાએ મતદાનનાં આગલા દિવસે મતદાન મથક માટેની સામગ્રી લેવા નક્કી કરેલ સ્થળે હાજર રહેશે. જ્યારે બીજા પોલિંગ ઓફિસરો તથા પોલીસવાળા જે તે મતદાન મથકોએ મતદાનના આગલા દિવસે હાજર રહેશે. તેવી સ્પષ્ટ સુચનાઓ સબંધકર્તાઓને આપી? ઉપલબ્ધિ છે ?

૨૦. મતદાન મથકે ફરનીચર, લાઈટ, પાણીનીવ્યવસ્થા કરી?

૨૧. મતદાન મથકના સ્થળે મતદાન મથકનો વિસ્તાર દર્શાવતી નોટિસો તથા નમુના નં. ૭ મુજબની હરીફ ઉમેદવારોની યાદી તથા મતદાનનો સમય તથા મતદારે આપવાના મતની સંખ્યા દર્શાવતી નોટિસો તૈયાર કરાવી તેની પ્રસિધ્ધિ જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ ગામોનાં જે તે મતદાન મથકોએ મતદાનના આગળના દિવસે કરવા પ્રમુખ અધિકારીઓને સૂચના આપી ?

૨૨. મતદાનના આગલા દિવસે તથા મતદાનનાં દિવસે રુટ ઈન્સ્પેકટર/ઝોનલ ઓફિસરની ફરજ અંગે તેઓને સમજુતી આપી ? તેઓએ કરેલ કામગીરીનો અહેવાલ નમુના નં. ૧૨,૧૩,૧૪ના ફોર્મોમાં જે તે દિવસે સુપ્રત કરવા જણાવ્યું ?

(૧) તેઓ માત્ર ફર્યા ન કરે તેની ખાસ તકેદારી રાખવી.

૨૩. મતદાન ટુકડીને ચુકવવાની મહેનતાણાની રકમ ઉપાડવા તથા ચુકવવા માટે વ્યવસ્થા કરી ? રકમની ગણતરી કરી ?

૨૪. મતદાન પુરું થયા બાદ પ્રમુખ અધિકારીશ્રી નિશ્ચિત વાહન દ્વારા સીલબંધ મતપેટીઓ તથા અન્ય સામગ્રી સાથે જ જવાબદાર અધિકારીની સાથે જ પાછા ફરશે તેવી સુચના પ્રમુખ અધિકારીને આપી ?

૨૫. રીસીવીંગ સેન્ટર પર મતપેટી વૈધાનિક પરબીડીયાં તથા અન્ય સામગ્રી સ્વીકારવા વ્યવસ્થા કરી ? કેટલા ટેબલો ગોઠવ્યા ? આ કામગીરી માટે અધિકારી / કર્મચારીઓની નિયુક્તિ કરી ?

૨૬. રાજ્ય ચુંટણી પંચનું સીક્રેટ સીલ જે પરબીડીયા પર જિલ્લા / તાલુકા પંચાયત મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામોના મતદાન મથકવાર લગાવવાના છે તેના પર સીક્રેટ સીલ લગાવવા જવાબદારી સોંપી ? આ કામગીરી માટે અધિકારી / કર્મચારી / પટાવાળાની નિયુક્તિ કરી ?

૨૭. જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગવાર તથા તેમાં સમાવિષ્ટ ગામોના મતદાન મથકવાર મતદાનના આંકડા પુરુષ, સ્ત્રી, કુલ મતદાન મથકના પ્રમુખ અધિકારીશ્રી પાસેથી તેની ચોકસાઈ કરી મેળવવા જવાબદારી સોંપી ? આ માટે અધિકારી / કર્મચારીની નિયુક્તિનાં આદેશ કર્યા ?

૨૮. પ્રમુખ અધિકારીશ્રીએ સામાન્ય મતપત્રોનાં તૈયાર કરેલા હિસાબોની ચકાસણી કરવા જવાબદારી સોંપી ?

૨૯. સ્ટ્રોંગરુમમાં સીલબંધ મતપેટીઓ મતદાર વિભાગવાર મતપત્રોના હિસાબના/મતપેટીના હિસાબના પરબીડીયાં. મતદાનના આંકડા તથા ટકાવારી જે તે મતદાન મથકની પેટી સાથે સ્ટ્રોંગરુમમાં મુકવાની વ્યવસ્થા કરી?

૩૦. ઉમેદવાર કે તેમના ચુંટણી એજન્ટ સ્ટ્રોંગરુમને સીલ કરવા માંગતા હોય, તો તેઓ સીલ કરી શકે છે તેવી જાણ સંબંધકર્તા ઉમેદવાર/ચુંટણી એજન્ટને કરી ?

૩૧. જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગોની મત ગણતરી માટે નક્કી કરેલ સ્થળ, તારીખ અને સમય દર્શાવતી નમુના નં. ૨૪ મુજબની લેખિત નોટિસ ઉમેદવાર અગર તેમના ચૂંટણી એજન્ટને આપવામાં આવી ?

૩૨. (૧) જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામોના મતદાન મથકોએ નિયુક્ત થનાર પોલીંગ એજન્ટ જે તે ગામના રહીશ અને મતદાર હોય તેની જ નિયુક્તિ પોલિંગ એજન્ટ તરીકે થઇ શકશે તેવી સુચના સબંધકર્તા મતદાર વિભાગના ઉમેદવારો/ ચૂંટણી એજન્ટોને આપી, અને તેની ચકાસણી કરવાની તકેદારી રાખવા પ્રમુખ અધિકારીઓને જાણ કરી ?

(૨) મતગણતરી સમયે જે તે મતદાર વિભાગની મત ગણતરી દરમ્યાન જે તે મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામો પૈકીનાં કોઇ ગામના રહીશ અને મતદાર હોય તેવી જ વ્યક્તિ મતગણતરી એજન્ટ તરીકે નિયુક્ત થઇ શકશે. તેવી સુચના સંબંધકર્તા જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોનાં ઉમેદવારો / ચૂંટણી એજન્ટોને આપી અન તેની ચકાસણી કરવાની ચૂંટણી અધિકારીએ તકેદારી રાખવી.

૩૩. તેવી જ રાજ્ય ચૂંટણી પંચે નક્કી કર્યા પ્રમાણે મતદાનના આગળના દિવસે તથા મતદાનના દિવસે મતદાન પુરું થાય ત્યાં સુધીના સમય ગાળા દરમ્યાન વીડીયોગ્રાફી કરાવવાની વ્યવસ્થા ગોઠવી ?

૩૪. જિલ્લા /તાલુકા પંચાયતોનાં મતદાર વિભાગોમાં સમાવિષ્ટ ગામોનાં સંવેદનશીલ મતદાન મથકોએ તથા અન્ય મતદાન મથકોએ પુરતો પોલિસ બંદોબસ્ત ગોઠવવાની વ્યવસ્થા સ્થાનિક પોલિસ અધિકારીઓ સાથે પરામર્શ કરીને કરી ?

૩૫. મતગણતરી માટે નક્કી કરેલ સ્થળે તેમજ તેની આજુબાજુના વિસ્તારમાં સુલેહશાંતિ માટે મતગણતરી શરૂ થાય અને પુરી થાય ત્યાં સુધીના સમય માટે પુરતા પોલિસ બંદોબસ્તની વ્યવસ્થા વિભાગીય અગર સ્થાનિક પોલિસ અધિકારીઓ સાથે પરામર્શ કરીને કરી ?

૩૬. મતદાન પુરું થયા બાદ પરત આવેલ સંબંધીત મતપેટીઓ તથા અન્ય સામગ્રી સ્ટ્રોંગરુમમાં સીલ કરી મુકવામાં આવેલ હોય તે સ્થળે ચોવીસ કલાક માટે પોલિસ ગાર્ડની તથા લાઇટની સગવડ ન હોય તો લાઇટની વ્યવસ્થા ગોઠવી ?

૩૭. મતગણતરી એજન્ટની નિયુક્તિની અરજી બે પ્રતોમાં નમુના નં. ૨૫માં નિયુક્ત થનાર મત ગણતરી એજન્ટના પાસપોર્ટ સાઇઝના બે ફોટા સાથે રજુ કરવા સંબંધકર્તા જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગના ઉમેદવાર / ચૂંટણી એજન્ટને લેખિતમાં જાણ કરી ?

૩૮. જિલ્લા /તાલુકા પંચાયતોની એકી સાથે ચૂંટણી યોજાયેલ હોય તો...

(૧) જિલ્લા/તાલુકા પંચાયતોનાં મતદાર વિભાગોની મતગણતરી જુદી જુદી કરવા માટે જે તે ચૂંટણી અધિકારીઓનો સંપર્ક સાધી જુદી જુદી વ્યવસ્થા ગોઠવવી.

(૨) આ માટે જુદા જુદા કેટલા ટેબલો ગોઠવવામાં આવેલ છે /

(૩) જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગો/વિભાગની મતગણતરી માટે કેટલા ટેબલો ગોઠવશો ?

(૪) જિલ્લાની તાલુકા પંચાયતોનાં ક્યા ક્યા મતદાર વિભાગોની મતગણતરી એકી સાથે કરશો તે નક્કી કર્યું ?

(૫) દરેક મતદાર વિભાગ માટે કેટલા ટેબલો ગોઠવવામાં આવેલ છે ?

૩૯. મતગણતરી સ્ટાફની નિયુક્તિ કરી ? તેમજ મતગણતરી સ્ટાફને તાલીમ આપી ?

૪૦. મતગણતરી સંચાલનના ભાગરૂપે ક્રમ અધિકારીશ્રી, સીલીંગ કરનાર અધિકારી શ્રી તરીકે ફરજ બજાવવાની જવાબદારી સોંપી ? તથા તેઓના મદદનીશ નક્કી કર્યા ? આ બાબતમાં આદેશ કર્યા ?

૪૧. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ નિયમ-૬૦ અનુસાર મતગણતરી સમયે મતપત્રો માન્ય/અમાન્ય રાખવાનો નિર્ણય લેવા માટે રાજય ચૂંટણી પંચે તૈયાર કરેલ પુસ્તિકાનો અભ્યાસ કર્યો અને તે પુસ્તિકાની સમજુતી મતગણતરી માટે નિયુક્ત સ્ટાફને તાલીમ વર્ગમાં આપી ?

૪૨. મતગણતરી હોલપર જે તે મતદાર વિભાગની બેઠકના હરીફ ઉમેદવારોના વર્ગ સંબંધી કોઇ વિવાદ ઉપસ્થિત ન થાય તે માટે નીચેનું સાહિત્ય સાથે રાખવા વ્યવસ્થા કરી ?

(૧) મૂળ ઉમેદવારી પત્ર

(૨) ઉમેદવારીપત્ર સાથે રજૂ થયેલ જાતિ અંગેના પ્રમાણપત્ર

(૩) ઉમેદવારીપત્ર રજુ કરતી વખતે ડીપોઝીટ ભર્યાની પહોંચની સ્થળપ્રત.

૪૩. મતગણતરી પુરી થયે પરિણામ જાહેર કરવા અંગે ચૂંટણી અધિકારીશ્રીને સમજ સ્પષ્ટ છે.

(૧) ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો – ૧૯૯૪ના નિયમ-૫૮ (૧૦) તથા ૬૦ (૭) મુજબ આખરી પરિણામપત્રક તૈયાર કરવા નમુના નં. ૨૭ ને બદલે ૨૭ (ક)ના નમુનારૂપ મુસદ્દા તૈયાર કરાવ્યા ?

(૨) ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ના નિયમ-૬૩ (૧) મુજબ ચૂંટાયેલા સભ્યો જાહેર કરવા નમુના નં. ૨૮ (ક) ના નમુનારુપ મુસદ્દા તૈયાર કરાવ્યા ?

(૩) ચૂંટાયેલા/જાહેર થયેલા ઉમેદવારોની નિયમ-૬૩ મુજબ નમુના નં. ૨૮ (ક) સંબંધિત સ્થળે કચેરીએ પ્રસિધ્ધિ કરવાની નોંધ રાખી ?

૪૪. જિલ્લા/તાલુકા પંચાયતોના દરેક મતદાર વિભાગોની મતગણતરીની કાર્યવાહી નોંધમાં મતગણતરી શરૂ કર્યાથી ચૂંટણી પરિણામ જાહેર કરવા સુધીના સમય દરમ્યાન મત ગણતરી હોલમાં બનેલા તમામ બનાવોની વિગતો કાર્યવાહી નોંધમાં કરવાની જેમાં બનેલ બનાવ, થયેલ રજુઆતનો સમય દર્શાવીને નોંધ કરવાની છે તે અંગે ચૂંટણી અધિકારીશ્રી સ્પષ્ટ છે ?

૪૫. મતગણતરી કાર્યવાહી નોંધને સીલ્ક્રેટસીલ કરવાની કામગીરીથી ચૂંટણી અધિકારીશ્રી સ્પષ્ટ છે ? આવી કાર્યવાહી નોંધ દરેક મતદાર વિભાગ માટે અલગ અલગ તૈયાર કરવાની છે તેની નોંધ રાખી ?

૪૬. મતગણતરી કાર્યવાહી નોંધ પર ઉમેદવાર કે તેમના ચૂંટણી એજન્ટ પણ સહી કરી શકે છે તેની જાણ કરી ?

૪૭. અન્ય અગત્યના મુદ્દાઓ :-

રાજ્ય ચૂંટણી આયોગનાં પરિપત્ર ક્રમાંક : રાચપ – ચટણ – સ્થા. સ્વ- ૧૧૦-૧૨૨૦૯-ક તા. ૪-૩-૨૦૦૯ થી નીચેની વિગતની ચૂંટણી સંદર્ભે જરૂરી વ્યવસ્થા માટે સંકલિત સૂચનાઓ પ્રસિધ્ધ કરેલ છે.

**(એ) ચૂંટણી સમયે મતદારો તથા ચૂંટણી સ્ટાફ માટે જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવા બાબત.**

(૧) શુદ્ધ પીવાના પાણીની પુરતી સગવડ કરવી, પાણીના સ્ટોરેજની અને શુદ્ધ પાણી ભરવા માટે જરૂરી હોય તો હંગામી કર્મચારીને નિયુકિત કરવાની કાર્યવાહી હાથ ધરવી.

(૨) પ્રાથમિક સારવાર માટે જરૂરી દવા અને સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરવી.

(૩) જરૂરી હોય તો દરેક પોલીંગ પાર્ટીને ઓરલ ડીહાઈડ્રેશન થેરાપીના હેતુ માટે સુગર તથા સોલ્ટનો જરૂરી જથ્થો પુરો પાડવો.

(૪) આરોગ્ય અધિકારીશ્રીને સલાહ અનુસાર આવશ્યક દવાઓ અને જરૂર જણાય તો મેડીકલ સ્ટાફ સાથેના પેટ્રોલીંગ વાહનો દર કલાકે દરેક મતદાન મથકે અને ચૂંટણી સાથે સંકળાયેલા સ્થળે ઉપલબ્ધ રહે તેવી વ્યવસ્થા કરવી.

(૫) મતદાન મથકે શારીરિક રીતે અશકત મતદારો વિગેરેના માટે સ્થાનિક રીતે કામ ચલાઉ રીતે "રેમ્પ" જેવી વ્યવસ્થા કરી વ્હીલ ચેર સાથે મતદાન મથકમાં પ્રવેશવા ઉપરાંત આવા અશકત મતદારોને લાઈનમાં ઉભા ન રહેવુ પડે અને તાત્કાલિક મતદાન માટેની અગ્રતા આપવા ચૂંટણી અધિકારીઓને જરૂરી સૂચના આપવાની રહેશે. જરૂર જણાય તો શારીરિક રીતે અશકત મતદારોની અલગ લાઈન (બેઠક વ્યવસ્થા) કરવા અને મતદાન કરવા મદદ માટે નિયમાનુસાર સાથે લઈ જવાની મંજુરી આપવાની રહેશે.

(૬) મતદાન મથક ડીસ્પેચીંગ, રીસીવીંગ અને મત ગણતરી કેન્દ્રો પર, આવવા–જવાના રસ્તા પર લોકો તથા પોલીંગ સ્ટાફ અને વાહનો સરળતાથી આવ–જા કરી શકે તે માટે રસ્તાઓનું પણ જરૂરી જણાયે રીપેરીંગ કામ કરાવવા માટે સંબંધિતોને તાત્કાલિક સૂચના આપવાની રહેશે.

(૭) દરેક મતદાન મથકોની ચીવટથી ચકાસણી કરવા અને છત,નળીયા, બારી–બારણા, બાથરૂમ વિગેરેનું રીપેરીંગ કામ કરાવવાની જરૂરી હોય તો તાત્કાલિક કરાવવુ. ટુંકમાં જરૂરી મરામત કરાવી લેવાની રહેશે.

## (છ) ચૂંટણી સમય દરમ્યાન પરીક્ષાઓ ન યોજવા અંગે :-

(૧) ચૂંટણી માટેના મતદાન મથકો મોટાભાગે સરકારી પ્રાથમિક/માધ્યમિક તથા મહાનગરપાલિકા/નગરપાલિકાઓની શાળાઓના મકાનમાં હોય છે અને મતદાનના એક દિવસ પહેલા મતદાન ટુકડીઓ જે તે મતદાન મથકે પહોંચે તે દરમ્યાન ચૂંટણી હેઠળના મતદાન મથકોના રૂમોનો કબ્જો સમયસર, મતદાન ટુકડીને સુપરત કરવાનો રહેશે. મતદાન મથકે પોલિંગ સ્ટાફ તરીકે મોટાભાગે શિક્ષકોની જ નિયુક્તિ કરવામાં આવે છે. એટલે આ સમયગાળા દરમ્યાન શિક્ષકો ચૂંટણી ફરજ માટે ઉપલબ્ધ થાય તે માટે સંબંધિતોને જરૂરી સૂચનાઓ આપવાની રહેશે.

(૨) ચૂંટણી પ્રક્રિયાના સમયગાળા દરમ્યાન ચૂંટણી હેઠળના વિસ્તારની શાળાઓમાં પરીક્ષાઓનું કે અન્ય કોઈ કાર્યક્રમ હોયતો તેમાં ફેરફાર કરીને ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ રાખવાનો રહેશે.

**(એફ)** ચૂંટણી સમયે વીજળી પુરવઠો ૨૪ કલાક જળવાઈ રહે તે બાબતે **:-**

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ વિજાણું મતદાન યંત્રો દ્વારા કરવાના પ્રસંગે ચૂંટણી માટે જરૂરી પુરતા લેબલ/ ટપાલ મતપત્રો વિગેરેનું છાપકામ કરાવવાનું આવશ્યક છે, તેમજ ચૂંટણી સાહિત્ય વિગેરે કલેકટરશ્રીઓએ નક્કી કરેલ પ્રેસ ખાતે છપાવવામાં આવે છે. જે તે પ્રેસની માહિતી કલેકટરશ્રીઓ દ્વારા પુરી પાડવામાં આવતી હોય છે. લેબલ મતપત્રોનાં છાપકામની ગુપ્તતા/ સલામતી અને સુરક્ષા જાળવાય તે માટ કોઈ પણ જાતના વિક્ષેપ વગર મતપત્રોનું છાપકામ પુર્ણ થાય તે માટે સંબંધિત પ્રેસ ખાતે મતપત્રો શરૂ થાય ત્યારથી છાપકામની કામગીરી પુર્ણ થાય તે સમયગાળા માટે સમગ્ર ચૂંટણી પ્રક્રિયાના સમયગાળા દરમ્યાન અને ખાસ કરીને મોકપોલનાં સ્થળે, તેમજ સ્ટ્રોંગ રૂમમાં મતદાન મથકો પર, મતગણતરીનાં સ્થળ તેમજ ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા દરેક સ્થળ પર કોઈપણ પ્રકારનાં વિક્ષેપ વગર વીજ પુરવઠો સતત ચાલુ રહે તે જરૂરી છે. એટલે કે ૨૪ કલાક વીજળી પુરવઠો અવિરત ચાલુ રહે તે માટે ગુજરાત વિદ્યુત ઉર્જા નિર્ગમને કલેકટરશ્રીઓએ જરૂરી માહિતી પૂરી પાડવાની રહેશે અને નિગમના પરામર્શના રહી જરૂરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

**(જી)** ચૂંટણી માટે એસ.ટી. નિગમની બસો પૂરી પાડવા બાબત **:-**

ચૂંટણીના કામ માટે સંબંધિત શહેર/ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી/ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓને એસ. ટી.નિગમની બસોની જરૂર પડે તેટલી ઉપલબ્ધ થાય તે અંગેની વ્યવસ્થા ગોઠવવા જે તે કલેકટરશ્રીઓ દ્વારા જેતે સમયે માંગણી થયેવહીવટી સંચાલકશ્રી, ગુજરાય રાજ્ય, માર્ગવાહન વ્યવહાર નિગમ અમદાવાદ દ્વારા એસ.ટી.બસો ચૂંટણીના કામ માટે પ્રર્વતમાન દરે અગ્રમતાનાં ધોરણે સંબંધિત કલેકટરશ્રીઓને ફાળવી આપવા નિગમના અધિકારીશ્રીઓને જરૂરી સૂચનાઓ આપવાની રહેશે. આ અંગે સંબંધિત કલેકટરશ્રીઓએ ચૂંટણી અંગેની સમય મર્યાદામાં એસ.ટી. બસોની નિગમ સમક્ષ માંગણી કરવાની રહેશે.

## (એચ) મતદાનનાં દિવસે સ્થાનિક રજા જાહેર કરવા / વૈકલ્પિક વ્યવસ્થા કરવા બાબત :-

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ મહત્તમ રવિવારનાં દિવસે જ યોજવામાં આવતી હોય છે. પરંતુ શહેરો / નાના/ મોટા ગામોમાં કેટલીક ગ્રામીણ બેંકો રાષ્ટ્રીય અને ખાનગી બેંકો, અને રાજય અને કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરીઓ તેમજ દુકાન વાણિજય સંસ્થાઓ/હોટલો/ઔદ્યોગિક એકમો/ કારખાનાઓ ફેકટરીઓ /રેલ્વે /ટેલીફોન /તારસ્પીડપોસ્ટ/ સરકારી હોસ્પીટલો /પોલિસ સ્ટેશનો/ફાયર બ્રિગેડ અને આવશ્યક સેવાઓ આપતી અન્ય કેટલીક કચેરીઓ/સંસ્થાઓ રવિવારે પણ તેઓનો કારોબાર ચાલુ રાખે છે.આ સંજોગોમાં આવી કચેરીઓ/સંસ્થાઓના કર્મચારીઓ/ કામદારો પોતાનાં મતાધિકારથી વંચિત ન રહે તે માટે મતદાનના દિવસે ચૂંટણી હેઠળનાં સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી/ કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડીક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં /બદલીમાં મતદાનનાં દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(જે) કંટ્રોલરૂમ શરૂ કરવા બાબત.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ચૂંટણીની વિગતોનું આદાન – પ્રદાન સરળતાથી થાય તે માટે મતદાનના દિવસે કલેકટરશ્રી કચેરીમાં તેમજ મતગણતરીના દિવસે મતગણતરીના સ્થળે ચૂંટણી અધિકારીને ફાળવવામાં આવેલ ટેલિફોન નંબરોની વિગતો તેમજ મતગણતરીના સ્થળે શરૂ કરવામાં આવનાર કંટ્રોલ રૂમના ટેલિફોન નંબરો તથા ફેક્ષ નંબરોની વિગતવાર માહિતી રાજ્ય ચૂંટણી પંચને તાત્કાલિક મોકલી આપવાની રહેશે.

ચૂંટણીનો કાર્યક્રમ જારી કરવામાં આવે ત્યારે નીચે પ્રમાણેના પત્રકો ૧ થી ૫ મુજબની માહિતી શહેર/ જિલ્લા મ્યુનિસિપલ/ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ રાજ્ય ચૂંટણી આયોગને પૂરી પાડવાની રહેશે.

| અ.નં. | વિગત | પત્રક નંબર | માહિતી પૂરી પાડવાની તારીખ. |
|---|---|---|---|
| ૧ | માન્ય ઉમેદવારોની માહિતી દર્શાવતું પત્રક | ૧ | ઉમેદવારીપત્રોની ચકાસણી થાય કે તુરત જ (જે તે તારીખે) |
| ૨ | હરીફ ઉમેદવારોની યાદી દર્શાવતું પત્રક | ૨ | ઉમેદવારી પત્રો પરત ખેંચાય કે તુરત જ (જે તે તારીખે) |
| ૩ | મતદાનની વિગત | ૩ | મતદાન પુરૂં થાય કે તુરત જ |
| ૪ | મતગણતરીની વિગત દર્શાવતું પત્રક | ૪ | મતગણતરીના દિવસે |
| ૫ | મતગણતરીની વિસ્તૃત વિગત | ૫ | મતગણતરી પુરી થાય ત્યારે |

આ માહિતી ફોન/ફેક્ષથી પણ જે તે દિવસે રાજ્ય ચૂંટણીપંચને પૂરી પાડવાની રહેશે. ખાસ કરીને મતદાનના આંકડા મતદાન પૂરૂ થતાં વહેલામાં વહેલી તકે રાજ્ય ચૂંટની પંચને મળી રહે તે માટે ખાસ તકેદારી સંબંધિતોએ રાખવાની રહેશે.

**(એમ)** વીજાણુ મતદાન યંત્રો અને પાવરપેકની ઉપલબ્ધિ અંગે **:-**

સ્થાનિક સ્વરાજ્યની તમામ સ્તરની ચૂંટણીઓમાં વીજાણું મતદાન યંત્રો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ થાય તે માટ સંબંધિત શહેર/ જિલ્લા મ્યુનિસિપલ/ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ તકેદારી રાખવાની રહેશે. સમયાંતરે તેમજ ચૂંટણીના વિજાણું મતદાન યંત્રોની તાંત્રિક ચકાસણી કરાવવાની રહેશે. જરૂર જણાયે સ્થાનિક મતદારો સમક્ષ નિદર્શન પણ કરાવવાનું રહેશે.


વીજાણુ મતદાન યંત્રો માટે ઉપયોગમાં લેવાના પાવરપેકનું આગોતરૂં આયોજન કરવું તેમજ પાવરપેકની કાર્યશક્તિની તારીખ પૂરી થયેલ ન હોય તેની ચકાસણી કર્યા બાદ જ ઉપયોગમાં લેવાનું ધોરણ અપનાવવું.

**(એન)** સિક્રેટસીલ**/** સ્ટ્રીપસીલ**/** અવિલોપ્ય શાહી**/** તમામ સાધન સામગ્રીની ઉપલબ્ધિની ચકાસણી **:-**

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પ્રસંગે ઉપયોગી લેવાના થતાં સિક્રેટસીલ/ સ્ટ્રીપસીલ/ અવિલોપ્ય શાહી તેમજ અન્ય તમામ પ્રકારની સાધન સામગ્રીની ઉપલબ્ધિની ચકાસણી કરી લેવાની રહેશે. ખાસ કરીને અવિલોપ્ય શાહીની કાર્યશક્તિ પૂર્ણ થયેલ ન હોય તો જ તેનો ઉપયોગ કરવાની તકેદારી રાખવી.

૩. વીજાણુ મતદાન યંત્રો દ્વારા જ્યારે ચૂંટણી હાથ ધરાતી હોય ત્યારે મતપત્ર ઉપર એરક્રોસ માર્કનો ઉપયોગ કરવાનો રહેતો નથી, પરંતુ ગુજરાત પંચાયત ચૂંટણીના નિયમો – ૧૯૯૪ના નિયમ -૫૪-ત મુજબ સુપરત કરવામાં આવેલ મતપત્રમાં એરોક્રોસ માર્કના સીક્કાનો ઉપયોગ કરવાનો રહેશે.

એરોક્રોસ માર્કની નિશાની દર્શાવતા સીક્કાની આકૃતિ નીચે મુજબની નક્કી કરવામાં આવે છે



૩. ઉપરની જોગવાઈને અનુલક્ષીને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩(ક) સાથે વાંચતા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો – ૧૯૯૪ ના નિયમ - ૩૬, ૫૩ની જોગવાઈઓ મુજબ જિલ્લા/ તાલુકા/ ગ્રામ પંચાયતો તથા સરપંચની ચૂંટણી માટે દરેક મતદાન મથકે પ્રમુખ અધિકારીએ મતપેટી તથા કવરો ઉપર સીલ કરવા માટે ઉપયોગમાં લેવાના પીત્તળના સીલનો નમૂનો નીચેની વિગતો સાથે રાજ્ય ચૂંટણી આયોગ આદેશથી મંજૂર કરે છે.

૧. સીલનો વ્યાસ ૨ ૧/૨ સે.મી.નો રહેશે.

૨. સીલ પિત્તળની ધાતુનું બનાવવાનું રહેશે.

૩. સીલ મારી શકાય તે માટે લાકડાના હાથા સાથે જોડાયેલું બનાવવાનું રહેશે.

૪. સીલની અંદર નીચેની વિગતો દર્શાવવાની રહેશે. તથા સીલની આકૃતિ નીચે મુજબની નક્કી કરવામાં આવે છે.

<u>આકૃતિ</u>



આ સીલની અંદર વચ્ચેના ભાગના નાના વર્તુળમાં ત્રણ સિંહો અને અશોક ચક્રવાળી રાષ્ટ્રીય મુદ્રાનું ચિન્હ અને તેની નીચે “ સત્યમેવ જયતે” એવું હિન્દીમાં દર્શાવવાનું રહેશે)

૪. ઉપર મુજબનું પીત્તળનું બ્રાસ સીલ દરેક મતદાન મથકે ઉપયોગમાં લેવા માટે મતદાન મથકના પ્રમુખ અધિકારીને ચૂંટણી સામગ્રી સાથે આપવાનું રાજ્ય ચૂંટણી આયોગ નક્કી કરે છે.